**આજનો સુવિચાર**

જો તમારે સફળતા જોઈતી હોય તો તમારી જાતને નિયંત્રણમાં રાખો બીજાને નહીં!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૭૧ જૂનાગઢ તા.૦૨-૦૭-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 171, Junagadh : Date : 02 July, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# સોરઠમાં શ્રીકાર વરસાદ : વંથલીમાં સાંબેલાધારે ૧૪.૫, જૂનાગઢમાં ૧૨ ઈંચ વરસાદ ખાબકયો

જૂનાગઢ તા. ૨ : છેલ્લા ૨૪ કલાક કરતા વધુ સમયથી સોરઠ પર મેઘો ઓળઘોળ વરસ્યો છે. સમગ્ર શહેર જીલ્લામાં મેઘરાજાએ અનરાધાર વરસીને ધરાને રસતરબોળ કરી દીધી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સવારે ૮ કલાકે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જૂનાગઢ જીલ્લામાં સૌથી વધુ વરસાદ વંથલી ખાતે ૩૬૧ મી.મી. (૧૪.૫ ઈંચ), વિસાવદર ૩૩૬ મી.મી. (૧૩.૫ ઈંચ), જૂનાગઢ શહેર- ગ્રામ્યમાં ૩૦૦ મી.મી. (૧૨ ઈંચ) ધોધમાર વરસાદ ખાબકયો છે. ત્યારબાદ કેશોદ ૨૪૮ મી.મી. (૧૦ ઈંચ), માણાવદર ૨૨૫ મી.મી. (૯ ઈંચ), મેદરડા ૧૮૩ મી.મી. (૭.૫ ઈંચ), ભેસાણ ૧૭૫ મી.મી. (૭ ઈંચ), માળીયા હાટીના ૧૬૧ મી.મી. (૬.૫ ઈંચ), માંગરોળ ૧૧૯ મી.મી. (૪.૫ ઈંચ) વરસાદ ખાબકયો છે. જો કે આજે સવારથી સમગ્ર જીલ્લામાં મેઘરાજાએ ખમૈયા કર્યા છે અને જીલ્લામાં કયાંય નોંધપાત્ર વરસાદ થયો નથી જો કે સમગ્ર જીલ્લામાં વરસાદી વાતાવરણ છે અને પાંચ દિવસ સુધી ભારે વરસાદની આગાહી છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન પડેલા ભારે વરસાદથી જૂનાગઢ શહેરમાં પાણી ભરાવાની અને વિજળી ડુલ થવાની અનેક ફરીયાદો નોંધાઈ છે. મધુરમ તેમજ પોરબંદર બાયપાસ ખાતે વૃક્ષ પડયાની ફરીયાદ નોંધાઈ છે. સૌથી વધુ અસરગ્રસ્ત માણાવદર તેમજ વંથલી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જૂનાગઢ નજીક આવેલ ગિરનાર - દાતાર પર્વત વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે જૂનાગઢ શહેરમાં આવેલું વિલિંગ્ડન ડેમ તેમજ હસ્નાપુર ડેમ ઓવરફલો થઈ ગયો છે. તેટલું જ નહી જંગલ વિસ્તારમાં ભારે વરસાદને કારણે સિંહોનું ટોળું ભવનાથ વિસ્તારમાં માર્ગો પર ચડી આવ્યું હતું જેને ઘણા પ્રત્યક્ષદર્શીઓએ કેમેરામાં કેદ કર્યુ હતું.





## જૂનાગઢ - કેશોદમાં એનડીઆરએફની ટીમ તૈનાત : ધ્રાફડ, ઓઝત વિયર આણંદપુર, શાપુર, ઉબેણ, હસ્નાપુર ડેમ ઓવરફલો : માણાવદર તાલુકા અને ઘેડ પંથક જળબંબાકાર : ૧૬ ગામોમાં અંધારપટ

આજે વહેલી સવારે જુનાગઢ-પોરબંદર વાહન વ્યવહાર સરાડીયાથી આગળ મેલના વાયા (પુલ)માં પાણી ઓસરતા પૂર્વવત થઈ જવા પામ્યો છે. ગઈકાલે આખો દિવસ બંધ થઈ જવા પામ્યો હતો.

સાંબલીયા, ઘેડ પંથકના બાંટવા, મૈયારી, પાદરડી, અમીપુર, બગસરા સહિતના ઘેડ પંથકમાં જળબંબાકાર થઈ જતા વાહન વ્યવહાર બંધ થઈ જવા પામેલ હતો. સરાડીયાથી આગળ મરમઢ, દેશીગાથી આગળ રત્નાગર નદી બે કાંઠે વહી રહી છે જેના કારણે ઘેડ પંથકના રસ્તાના ગામડાઓનો સંપર્ક આજે બીજા દિવસે પણ કપાય જવા પામ્યો છે. જુનાગઢ બાંટવા, સમેગાની એસ.ટી. બસ સમેગા ખાતે અટવાઈ જવા પામી હતી. ભારે વરસાદના કારણે બાંટવા ખારા ડેમના દરવાજા ખોલતા સમેગા ગામ કોડવાવ ચોતરફથી દરિયામાં ફેરવાઈ જતા એસ.ટી. બસ સમેગા ખાતે ગઈકાલે અટવાઈ જવા પામી છે.

બાંટવા, મોડદરનો રોડ પણ આજે બીજા દિવસે પણ બંધ રહયો છે. ગરેજ, બળેજ રોડ પર પાણી ફરી વળતા આ રોડ પર વાહન વ્યવહાર બંધ છે.

જુનાગઢનો વિલિંગ્ડન ડેમ ઓવરફલો થયો છે. સોનરખ નદી, કાળવો બે કાંઠે વહી જતા કાળવાના પાણી ફરી લક્ષ્મીનગર, આલ્ફા સ્કુલ સહિતના વિસ્તારોમાં પાણી ફરી વળતા લોકો ગત વર્ષની યાદ તાજી થવા પામી હતી. ઘેડ પંથકમાં ઉપરાંત ઓઝત નદીના કાંઠાના વિસ્તારોમાં માટીના પારાનું ધોવાણ થવા પામ્યાનું જાણવા મળી રહ્યું છે. મધુવંતી નદીમાં ભારે પુરના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા છે. વંથલીમાં ભારે વરસાદના કારણે સાંતલપુર, મેઘપુર, નાવડા, પીપલાણા સહિતના ગામડાઓ ઉપરાંત ટીકર ગામડાઓ બેટમાં ફેરવાઈ જવા પામ્યા છે. આજે સવારથી મેઘરાજાએ વિરામ લીધો છે. ભારે વરસાદને પગલે જુનાગઢ જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. સાથે જ સ્ટાફને હેડ કવાર્ટર ન છોડવાના આદેશ પણ આપવામાં આવ્યા છે.

## ગુજરાતમાં નવા ફોજદારી કાયદા હેઠળ પ્રથમ દિવસે ૧૬૪ કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૨

દેશમાં ઈન્ડીયન પિનલ કોડના સ્થાને ભારતીય ન્યાય સંહીતા સહીત ત્રણ નવા ફોજદારી કાયદા લાગુ પડયા છે.ત્યારે ગઈકાલે પ્રથમ દિવસે ગુજરાતમાં નવા કાયદા હેઠળ કુલ ૧૬૪ કેસ નોંધવામાં આવ્યા હતા. સમગ્ર ગુજરાતમાં નવા કાયદા હેઠળનો પ્રથમ કેસ ગાંધીનગર નજીક બાઈક ચાલક સામે થયો હતો.મોટા ચિલોડા-દેહગામ નજીક જાહેર માર્ગ પર અડચણ સર્જવાનો ગુન્હો દાખલ થયો હતો. ત્યારબાદ દિવસ દરમ્યાન રાજયમાં ભારત ન્યાય સંહીતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમ હેઠળ કુલ ૧૬૪ ગુના દાખલ થયા છે.ટ્ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે જણાવ્યું હતું કે કેન્દ્ર શાસીત પ્રદેશોમાં ૧૫ ઓગસ્ટ સુધીમાં નવા કાયદા લાગુ થઈ જવાની સંભાવના છે. જોકે નવા કાયદાઓનો સંપૂર્ણ અમલ થવામાં ૩ થી ૪ વર્ષ લાગી શકે છે. કારણ કે નવા કાયદાને અનુરૂપ ઈન્ફાસ્ટ્રકચર ઉભુ થવામાં સમય નિકળી શકે છે. તેઓએ કહ્યું હતું કે નવા ફોજદારી કાયદાનો પોલીસ સ્ટેશનોમાં સંપૂર્ણ અમલ કરાવવા માટે રાજયોને છુટછાટો-સ્વતંત્રતા આપવામાં આવી છે. અમીત શાહે એવી પણ ચોખવટ કરી હતી કે સીઆરપીસીનાં ધોરણે જ નવા કાયદામાં મહતમ ૧૫ દિવસની રીમાંડની જોગવાઈ યથાવત રાખવામાં આવી છે.

## રાજકોટ અગ્નીકાંડનાં આરોપી સાગઠીયાનો ખજાનો ખૂલ્યો : રૂા. પાંચ કરોડ રોકડા, ૧૫ કિલો સોનુ મળ્યું



રાજકોટ તા. ૨

રાજકોટ મહાનગર પાલિકાના તત્કાલીન ટીપીઓ અને ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી મનસુખ સાગઠીયાની ઓફિસ ખાતે સીલ ખોલી સર્ચ કરવામાં આવતા પાંચ કરોડની રોકડ રકમ તેમજ કરોડોની કિંમતનું સોનુ મળી આવ્યું છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ એસીબી પોલીસમાં સાગઠિયા વિરૂદ્ધ અપ્રમાણસર મિલકત અંગે ફરિયાદ નોંધાઈ છે. જેમાં તેની પાસે કાયદેસરની આવકના પ્રમાણમાં રૂ.૧૦,૫૫,૩૭,૩૫૫ની વધુ સંપતિ વસાવેલાનું જણાઈ આવેલ છે. જે તેની આવકના પ્રમાણમાં ૪૧૦.૩૭ ટકા થી વધુ અપ્રમાણસર મિલકતો છે. ત્યારે વધુ રોકડ રકમ અને સોનુ મળી આવતા એસીબીએ વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ એસીબીમાં મહાનગરપાલિકાના કલાસ વન અધિકારી તત્કાલિન ટીપીઓ મનસુખ સાગઠિયા વિરૂદ્ધ અપ્રમાણસર મિલ્કત અંગે ફરિયાદ નોંધાઈ છે. આ દરમિયાન ગઈકાલ રાતથી રાજકોટ એસીબી ટીમ દ્વારા રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ ટ્વીન સ્ટાર ઓફિસમાં સીલ ખોલી સર્ચ કરવામાં આવતા પાંચ કરોડની રોકડ રકમ તેમજ કરોડોની કિંમતનું સોનુ મળી આવ્યું છે. એસીબી દ્વારા ઓફિસ ખાતેથી ૩ જેટલા બોકસમાં રૂપિયા, સોનુ, એક મોટી તિજોરી, સોનાના દાગીના, પ્રિન્ટર સહિત અનેક દસ્તાવેજો કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે સાગઠિયાની તપાસમાં શું નવા ખુલાસા થશે તે જોવું મહત્વનું રહેશે.

## આજે પણ જૂનાગઢ, દ્વારકા, જામનગર, કચ્છમાં ભારે વરસાદની આગાહી

### સૌરાષ્ટ્રનાં ૪૪ ડેમોમાં નવા નીરની ધીંગી આવક

રાજકોટ,તા.૨

સમગ્ર રાજયમાં વરસાદે જમાવટ કરી છે. સર્વત્ર વરસાદે ધરતીપુત્રોને ખુશ ખુશાલ કરી દીધા છે ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ, જામનગર, દ્વારકા, જુનાગઢ, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં જુનાગઢ, કેશોદ, વંથલીમાં ધોધમાર વરસાદ ખાબકયો છે ત્યારે હવામાન વિભાગે આગામી દિવસોની વધુ એક આગાહી કરી છે. જેમાં આજે કચ્છ, જામનગર, દ્વારકા, જુનાગઢ, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં અતિ ભારે વરસાદ પડવાની તેમજ બનાસકાંઠા, પાટણ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર-સોમનાથમાં પણ અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ખેડા, આણંદ, બોટાદમાં પણ ભારે વરસાદ પડશે. રાજયમાં આગામી પાંચ દિવસ સુધી અમરેલી, ભાવનગર, મોરબી, જુનાગઢમાં અતિ ભારે વરસાદની આગાહી છે.

આથી આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાય છે. દક્ષિણ ગુજરાત અને ઉતર ગુજરાત તરફ સાયકલોનીક સરકયુલેશન સક્રીય થયુ છે જેના કારણે વરસાદ પડશે. સૌરાષ્ટ્રમાં પડી રહેલા સર્વત્ર વરસાદના પગલે જળાશયોમાં પણ નવા નીરની ધમધોકાર આવક શરુ થઈ ગઈ છે અને અનેક ડેમોમાં નોંધપાત્ર માત્રામાં નવા નીરની આવક થવા પામી છે.વ્યાપક વરસાદના પગલે સૌરાષ્ટ્રના ૪૪ ડેમોમાં ૧થી ૨૨ ફુટ જેટલા નવા નીરની ધીંગી આવક થઈ છે.

## રાહુલ ગાંધીનાં નિવેદનનો તોફાની વિરોધ : અમદાવાદમાં વીએચપી દ્વારા પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં તોડોફોડ - પથ્થરમારો



અમદાવાદ,તા.૨

લોકસભામાં વિપક્ષ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના હિન્દુઓ વિશેના વિધાનોથી સર્જાયેલા રાજકીય વિવાદ વચ્ચે આજે વ્હેલીસવારે અમદાવાદના પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે ૨૦થી૨૫ શખ્સોના ટોળાએ ત્રાટકીને પથ્થરમારો કરવા સાથે તોડફોડ કરતા સનસનાટી મચી ગઈ છે. કાર્યકરોએ રાહુલ ગાંધીના પોસ્ટર પર સ્પ્રેથી કાળી શાહી પણ લગાવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ સ્થિત કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય એવા રાજીવ ગાંધી ભવન ખાતે ૨૦થી૨૫ કાર્યકરોનું ટોળુ ત્રાટકયુ હતું. બજરંગદળ તથા વિશ્ર્વહિન્દુ પરિષદના કાર્યકરો કાર્યાલયના ગેટ પરથી કુદીને અંદર ઘુસી ગયા હતા અને પથ્થરમારો કરીને તોડફોડ કરી હતી.

કાર્યાલયને તાળાબંધી કરી હતી ઉપરાંત વહેલી સવારે ફરી વી.એસ.હોસ્પીટલ ખાતે આવેલા પ્રદેશ કાર્યાલય પર ધસી જઈને રાહુલ ગાંધીના પોસ્ટર પર કાળો સ્પ્રે મારી દીધો હતો.

આ ઘટનાને પગલે કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોમાં સનસનાટી મચી હતી. કોંગ્રેસના નેતાઓએ આ ઘટનાને કાયરતાપૂર્ણ ગણાવી હતી. પ્રવકતા હેમાંગ રાવલે કહ્યું કે પોતે મંદિરમાં દર્શન-પૂજા કરીને બહાર આવતા આ ઘટનાની ખબર પડી છે. સીધો જ ઓફીસે પહોંચુ છું અને નકલી હિન્દુઓને ચેલેન્જ આપુ છું કે રાતના અંધારામાં કાયરતાપૂર્ણ હુમલા કરવાના બદલે દિવસે આવી જાવ, અમારી પાસે પણ સત્ય અને અહિંસાના હથિયારો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં રાષ્ટ્રપતિના સંબોધન પરના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમ્યાન લોકસભામાં એમ કહ્યું હતું કે પોતાને હિન્દુ ગણાવતા લોકો દ્વારા જ હિંસા-નફરત ફેલાવવામાં આવે છે. આ વિધાનોને ભાજપે હિન્દુઓને હિંસક કહ્યાનું ગણાવીને વિરોધ કર્યો છે. રાહુલ ગાંધી પાસે માફીની પણ માંગ કરવામાં આવી છે.

## હિંડનબર્ગ પર ગાળીયો કસાયો : સેબીએ નોટીસ ફટકારી

મુંબઈ,તા.૨

ભારતના ટોચના ઉદ્યોગપતિ અદાણી જુથ સહિત સમગ્ર ભારતીય શેરબજારમાં હાહાકાર સર્જનાર અમેરિકા સ્થિત રિસર્ચ કંપની હિંડનબર્ગ સામે જ હવે ગાળીયો કસાયો છે. સેબી દ્વારા હિંડનબર્ગને શોકોઝ નોટીસ ફટકારવામાં આવી છે. ભારતીય શેરબજારના નિયમોનો ભંગ કરાયાની શંકા દર્શાવી છે.

હિંડનબર્ગ દ્વારા જ એવુ જાહેર કરાયુ છે કે, કંપનીએ ૨૭મી જૂને સેબીએ નોટીસ ફટકારી છે.

કંપનીએ એવો પણ આક્ષેપ કર્યો છે કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સેબી દ્વારા અમારા રિપોર્ટના આક્ષેપ પર તપાસકરવામાં આવી હતી. વાસ્તવમા અમારા રિપોર્ટના મહત્વના ખુલાસામાં તથ્ય જણાયુ હતું પરંતુ ત્યારબાદ સેબીએ વધુ તપાસ કરવામાં અસમર્થતા દર્શાવી દીધી હતી.


**સી. સી. પડદાવાળા**

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦01

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫





ડૉ. દિપેન જે. સુબા

॥ આદિત્ય ॥ કલીનીક

શું તમે શારીરિક દુઃખાવા થી પીડાવ છો ?
શું તમે પીડારહીત હલન ચલન નથી કરી શકતા ?

શું તમે સાંધા-સ્નાયુ-નસ-રગનાં દર્દો + ઓર્થો. દુઃખાવા માટે કાપ-કુપ/એમ.આર.આઈ વગરનો વિકલ્પ શોધી રહયા છો?

શું શરીરના સાંધાની જકડન, સોજા, મેંડ, મચકોડ, માંસપેશીના દર્દો, ફુટ-કળતર / વા જેવી તકલીફો થી આડઅસર વગર રાહત મેળવવી શકય છે? તો જવાબ છે, ॥ આદિત્ય કલીનીક ॥

ભારત + અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલ્સનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેકટીસમાં કાર્યરત

પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફલોર, પોલીસ લાઈન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94284 55525

**છેલ્લા દિવસો... છેલ્લી તક...**

**ખરીદી કરવા જરૂર પધારો નહીંતર અફસોસ....**

ડોકટર એપ્રોન (લેબકોટ)
કોટન વ્હાઈટ તેમજ રંગીન
બધી સાઈઝનાં માત્ર રૂા. ૧૦૦/-

દરેક સ્કુલ યુનિફોર્મ તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે

**બોમ્બે બજાર**

જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**પ્લોટ વેચવાના છે**

RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬

મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦

સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા
મો. ૯૪૨૭૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# માંગરોળની અનેક સોસાયટીઓમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા

## શહેર ભાજપ પ્રમુખે નગરપાલીકાના જેસીબી બોલાવી તાત્કાલીક પ્રશ્ન હલ




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨

માંગરોળ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાતા અતિગંભીર પરિસ્થિતિ ઉભી થવા પામી છે. શહેરની ગાયત્રી નગર, ગણેશ સોસાયટી સહિત અનેક વિસ્તારોમાં પાણી નિકાલના રસ્તા બંધ થવાના કારણે સમસ્યાઓ ઉભી થતા ત્યાંના રહીશો દ્વારા માંગરોળ શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા ને તાત્કાલિક રજૂઆત કરવામાં આવી હતી. આ પરિસ્થિતિને તાત્કાલિક નિકાલ કરવા માટે શહેર ભાજપ પ્રમુખ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી તાત્કાલિક નગરપાલિકા કર્મચારી ભાટાભાઈને જાણ કરી નગરપાલિકાનાં જેસીબી બોલાવી તાત્કાલિક ધોરણે પ્રશ્નનો હલ કરતા રહીશો દ્વારા પણ લિનેશભાઈ સોમૈયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાથે સાથે માંગરોળ શહેરના અનેક વિસ્તારોમાં સફાઈ ના અભાવે કે પાણી નિકાલ ના રસ્તાઓ બંધ થવાના કારણે અનેક મુશ્કેલીઓ પડી રહી છે તેને પણ ધ્યાને લઈ લિનેશભાઈ દ્વારા તંત્રનુ ધ્યાન દોરવામાં આવ્યું છે અને તંત્ર દ્વારા પણ આવી સમસ્યાનો તાત્કાલિક હલ કરવો જોઈએ.

# ઉના : આનંદ બજારમાં જર્જરીત કોમ્પ્લેક્ષનો સ્લેબ ધરાશાયી થયો




(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨

ઉનામાં આનંદ બજાર પાસે ઈલોરા સ્ટુડિયો કોમ્પ્લેક્સ નો સ્લેબ આજે સવારે ધડાકાભેર પડ્યો હતો. આ કોમ્પલેક્ષ અતિજર્જરીત હાલતમાં હોય કોમ્પ્લેક્ષને ઉતારી લેવાની કામગીરી કરવા લોકોમાં માંગણી ઉઠી છે. ઉનામાં અનેક આવા કોમ્પ્લેક્સ છે વારંવાર ન્યુઝ પેપરમાં ન્યુઝ ચેનલમાં આપવા છતાં તંત્ર હજી કામગીરી કરી નથી તો શું આ લોકો જાનહાની ની રાહ જોવે છે ? ઉનામાં મિલન કોમ્પ્લેક્સ, બસ સ્ટેન્ડ રોડ પાસે શારદા કોમ્પલેક્ષ, પીપી દેસાઈ કોમ્પ્લેક્સ, સાથે અનેક કોમ્પ્લેક્ષો જર્જરીત હાલતમાં જેને ઉતારી લેવાની કામગીરી વહેલા સર થાય તેવી લોક માંગણી ઉઠવા પામી છે. આ અંગે તંત્ર સર્વે ક્યારે કરશે અને ક્યારે કામગીરી કરશે તે લોકોનો સવાલ ઉઠયો છે.

# ‘અગ્નવીર, ઓપીએસ, ખેડૂતો સરકાર નવી છે, પરંતુ મુદ્દા જૂના છે’

## સંસદ સત્રના સાતમા દિવસે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ફરી એકવાર ચર્ચા થશે



નવી દિલ્હી, તા.૨

સંસદ સત્રના સાતમા દિવસે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ફરી એકવાર ચર્ચા થશે. આ દરમિયાન સમાજવાદી પાટીના અધ્યક્ષ અખિલેશ યાદવ પણ લોકસભાને સંબોધિત કરશે.આવી સ્થિતિમાં જ્યારે અખિલેશ યાદવને પૂછવામાં આવ્યું કે તેઓ કયા મુદ્દાઓ પર ગૃહને સંબોધશે. આ દરમિયાન તેમણે કહ્યું કે મુદ્દાઓ હજુ પૂરા થયા નથી. અગ્નિવીર યોજના, ઓપીએસ અને ખેડૂતોના પ્રશ્નો હજુ યથાવત છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ સોમવારે વિપક્ષના નેતા તરીકે પ્રથમ વખત ગૃહને સંબોધિત કર્યું. આ દરમિયાન તેમણે હિંદુઓથી લઈને અગ્નિવીર, ખેડૂતો, અંબાણી-અદાણી, મણિપુર અને દ્ગઈઈ્ જેવા મુદ્દાઓ પર કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી.રાહુલ ગાંધીએ લોકસભામાં સંબોધન દરમિયાન ભગવાન શંકરની તસવીર દેખાડી હતી. આના પર સ્પીકર ઓમ બિરલાએ તેમને અટકાવ્યા અને રૂલ બુક બહાર કાઢી. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ગૃહમાં શિવજીની તસવીર પણ ન બતાવી શકીએ, તમે મને રોકી રહ્યા છો. મારી પાસે વધુ ચિત્રો હતા જે હું બતાવવા માંગતો હતો અને જણાવવા માંગતો હતો કે કેવી રીતે ભગવાન શિવે મારી રક્ષા કરી.ભગવાન શિવને પોતાના પ્રેરણાસ્રોત ગણાવતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમને પ્રતિકૂળ સંજોગોમાં સંઘર્ષ કરવાની પ્રેરણા તેમની પાસેથી મળી છે. તેના ડાબા હાથમાં ત્રિશૂળનો અર્થ છે અહિંસા. અમે સત્યનું રક્ષણ કર્યુ છે. હિન્દુ ધર્મમાં સ્પષ્ટ લખ્યું છે કે સત્યની સાથે ઊભા રહેવું જોઈએ. આપણે સત્યથી પીછેહઠ ન કરવી જોઈએ, અહિંસા આપણું પ્રતીક છે. ભગવાન શંકર આપણા માટે પ્રેરણારૂપ છે. ભગવાન શિવનું ત્રિશૂળ અહિંસાનું પ્રતિક છે. અમે હિંસા વિના સત્યનો બચાવ કરીએ છીએ. આ ડરનો દેશ નથી. આ દેશ અહિંસાનો દેશ છે. અમે અહિંસક છીએ.આ દરમિયાન રાહુલ ગાંધીએ ગુરુ નાનક જીની તસવીરમાં નિર્ભય મુદ્રા પણ દેખાડી હતી. ગુરુ નાનકજી કહે છે ડરશો નહીં, ડરશો નહીં. અને પંજાબથી, ગુરુ નાનકજી મક્કા ગયા, થાઈલેન્ડ ગયા, અફઘાનિસ્તાન ગયા, શ્રીલંકા ગયા, કોઈની સાથે હિંસા નથી કરી, અહિંસાની વાત કરી, સત્યની વાત કરી અને તેમણે પોતાના જીવનમાં કોઈને ડરાવ્યા નહીં. રાહુલે કહ્યું કે ઈસ્લામમાં જ્યારે નમાજ પઢવામાં આવે છે ત્યારે અભય મુદ્રા બંને હાથ અને જમણા હાથથી જોવામાં આવે છે.રાહુલ ગાંધીના સંબોધનની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉભા થઈ ગયા. પીએમ મોદીએ કહ્યું કે આ મુદો ઘણો ગંભીર છે. હિન્દુઓને હિંસક કહેવું ખોટું છે. એટલું જ નહીં રક્ષા મંત્રી રાજનાથ સિંહથી લઈને ગૃહ મંત્રી અમિત શાહ અને ઘણા કેન્દ્રીય મંત્રીઓએ રાહુલ ગાંધીના નિવેદનો સામે વાંધો ઉઠાવ્યો હતો.

## CBI કોર્ટે લોન ડિફોલ્ટ કેસમાં લીધી કાર્યવાહી

# ભાગેડુ વિજય માલ્યા સામે બિનજામીનપાત્ર વોરંટ જારી

નવી દિલ્હી, તા.૨

ઈન્ડિયન ઓવરસીઝ બેંક (IOB) ને સંડોવતા રૂા. 180 કરોડના લોન ડિફોલ્ટ કેસમાં ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા વિરુદ્ધ મુંબઈની એક વિશેષ અદાલતે બિનજામીનપાત્ર વોરંટ (NBW) જારી કર્યું છે. સીબીઆઈ સ્પેશિયલ કોર્ટના જજ એસ.પી. નાઈક નિમ્બાલકરે 29 જૂને માલ્યા સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યુ હતું અને વિગતવાર આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.સીબીઆઈની દલીલ અને 68 વષીય વેપારીની “ભાગુગી” તરીકેની સ્થિતિને ધ્યાનમાં રાખીને જારી કરાયેલા અન્ય બિન-જામીનપાત્ર વોરંટને ટાંકીને કોર્ટે કહ્યું કે, “તે તેની સામે ખુલ્લેઆમ એનબીડબ્લ્યુ જારી કરવા સમાન છે.” કેસ.”આ કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ દાવો કર્યો છે કે નિષ્ક્રિય કિંગફિશર એરલાઈન્સના પ્રમોટરે ચૂકવણીમાં “ઈરાદાપૂર્વક” ડિફોલ્ટ કરીને સરકારી બેંકને 180 કરોડ રૂપિયાથી વધુનું ખોટું નુકસાન પહોંચાડ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તપાસ કરાયેલા મની લોન્ડરિંગ કેસમાં પહેલાથી જ ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરાયેલો દારૂનો વેપારી હાલમાં લંડનમાં છે અને ભારત સરકાર તેના પ્રત્યાર્પણની માંગ કરી રહી છે.આ વોરંટ CBI દ્વારા નોંધાયેલા છેતરપિંડીના કેસ સાથે સંબંધિત છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, 2007 અને 2012 વચ્ચે તત્કાલિન કિંગફિશર એરલાઈન્સ દ્વારા IOB પાસેથી લેવામાં આવેલી લોનનો કથિત રીતે અન્ય હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### અવસાન નોંધ

ચલાલા નિવાસી સ્વ.જગજીવનદાસ લાલજીભાઈ ભીમજીયાણીનાં દિકરી તે સ્વ.હીમતભાઈ(અમરેલી), સ્વ.વસંતભાઈ(રાજકોટ), શ્રી છોટુભાઈ(ભાવનગર), અનુભાઈ(જૂનાગઢ) અને મધુબેન માધવાણી(સાવરકુંડલા)ના બહેન તે શ્રી તરૂણભાઈ, શ્રી ગીરીશભાઈ, શ્રી પંકજભાઈ, શ્રી જયેશભાઈ તથા શ્રી અમીતભાઈના ફૈબા ગં.સ્વ.રંજનબેન નટવરલાલ રૂપારેલીયા(બબીબેન)નું તા.૨૮-૬-૨૦૨૪ના રોજ પુના મુકામે અવસાન થયેલ છે. ઉઠમણું તથા પિયરપક્ષની સાદડી વિરપુર મુકામે તા.૪-૭-૨૦૨૪ ગુરૂવારે સાંજે ૪ થી ૫ રાખેલ

# જૂનાગઢમાં સમસ્ત ભોઈ સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૨

સમસ્ત ભોઈ સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વૃક્ષ જતન, સિંચન તથા ઉછેર કરવાના રાષ્ટ્રજોગ અનુરોધને અનુલક્ષીને જૂનગઢના દાતાર રોડ ખાતે આવેલ ભોઈ સમાજની વાડીમાં કોર્પોરેટર ચેતનાબેન ચુડાસાના પ્રયાસોથી માનનીય ધારાસભ્ય સંજયભઈ કોરડીયા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભઈ શર્મા, મેયર ગીતાબેન પરમાર, પૂર્વ ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ મશરૂ, સ્ટેન્ડીગ ચેરમેન હરેશભાઈ પરસાણા, કોર્પોરેટરો એભાભાઈ કટારા, અગ્રણી મોહનભાઈ પરમાર, વિકીભાઈ ગોહેલ,નરેશભાઈ ચુડાસા, કરણભાઈ ચુડાસા, રોનીભઈ તથા ટીનુભાઈ, રોહીત ચાવડા, ધર્મેશભાઈ ઉદાસા, ભજનીક અમુદન ગઢવીની ઉપસ્થિતીમાં સમસ્ત સમાજને સાથે રાખી કોર્પોરેટર ચેતનાબેન ચુડાસાએ તથા મુખ્ય દાતાઓ કમલેશભાઈ તથા શૈલેષભાઈ, વિનુભાઈ, કમલેશ સિંધવાએ વિનામુલ્યે ચોપડા વિતરણતથા વિવિધ રોપાઓ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

## વકીલની વાત સાંભળીને જજ ગુસ્સે થઈ ગયા

# ‘રાહુલ ગાંધી વિદેશી છે, તમને કેવી રીતે ખબર પડી ?’, હાઈકોર્ટે અરજી ફગાવી

## આ કેસની સુનાવણી જસ્ટિસ રાજન રોય અને જસ્ટિસ ઓમ પ્રકાશ શુક્લાએ કરી હતી



નવી દિલ્હી, તા.૨

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે સોમવારે રાહુલ ગાંધીને સંસદ સભ્ય (MP) તરીકે ગેરલાયક ઠેરવવાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) ફગાવી દીધી હતી. કર્ણાટક ભાજપના કાર્યકર વિગ્નેશ શિશિર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે રાહુલ ગાંધી ભારતના નાગરિક નથી, પરંતુ બ્રિટિશ નાગરિક છે. તેથી, તેઓ બંધારણની કલમ 84 (A) માં સમાવિષ્ટ જોગવાઈઓ હેઠળ સાંસદ બનવા માટે લાયક નથી. આ કેસની સુનાવણી જસ્ટિસ રાજન રોય અને જસ્ટિસ ઓમ પ્રકાશ શુક્લાએ કરી હતી.રાહુલ ગાંધીની નાગરિકતા અંગે, બેકઅપ લિમિટેડ (બ્રિટનમાં રજિસ્ટર્ડ કંપની)ના ડિરેક્ટર તરીકે રાહુલ ગાંધીના ITRને વિગ્નેશ શિશિરના વકીલ અશોક પાંડે દ્વારા કોર્ટના ધ્યાન પર લાવવામાં આવ્યો હતો, જેમાં તેણે જણાવ્યું છે કે તે બ્રિટિશ નાગરિક છે. તેમણે કહ્યું, ‘રાહુલ ગાંધીને કલમ 102માં સમાવિષ્ટ જોગવાઈઓ હેઠળ સાંસદ તરીકે ચૂંટાવા માટે અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. અમે આ અધિનિયમની કલમ 8(3) હેઠળ કહ્યું છે કારણ કે તેને (મોદી અટકના કેસમાં) દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેને 2 વર્ષની જેલની સજા કરવામાં આવી છે, જેના કારણે તેને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યો છે.કોર્ટે અરજીકર્તાને પૂછ્યું- તમને કેવી રીતે ખબર પડી કે રાહુલ ગાંધી વિદેશી નાગરિક છે? કોર્ટે પૂછ્યું, તમે ભાજપના કાર્યકર છો, તમે અરજીમાં આ કેમ ન જણાવ્યું? જવાબમાં વકીલ પાંડેએ કહ્યું, ‘કેટલાક દસ્તાવેજો દર્શાવે છે કે તે બ્રિટિશ નાગરિક છે. તે દસ્તાવેજોના આધારે હું કહી રહ્યો છું કે તે બ્રિટિશ નાગરિક છે. કોર્ટે પૂછ્યું કે તમને આ દસ્તાવેજો ક્યાંથી મળ્યા? વકીલે કહ્યું- ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કર્યુ છે. અરજીકર્તાએ કહ્યું, ‘આ પુરાવાના આધારે ગૃહ મંત્રાલયે તેમને નોટિસ પણ મોકલી છે. અગાઉ પણ ઘણા લોકોએ પ્રયાસ કર્યા હતા, પરંતુ તેઓ કોર્ટ સમક્ષ રાહુલને બ્રિટિશ નાગરિક સાબિત કરી શક્યા ન હતા. આના પર, જ્યારે બેન્ચે કહ્યું કે તેણે અરજદારને તેની દલીલો રજૂ કરવાની પૂરતી તક આપી છે અને તેની તમામ દલીલો ધ્યાનમાં લેવામાં આવી છે, હવે તે પોતાનો નિર્ણય અનામત રાખવા જઈ રહી છે, ત્યારે વકીલ અશોક પાંડે અધીરા થઈ ગયા. તેમણે બેન્ચ તરફથી સુનાવણી ચાલુ રાખવાનો આગ્રહ રાખ્યો અને કહ્યું કે તેમની પાસે ઘણી દલીલો છે. તેણે કહ્યું, ‘અમારી વાત સાંભળો, ચાલો ચર્ચા કરીએ. મને બોલવા દો. અહીં 20-20 દિવસ સુધી ચર્ચાઓ સંભળાય છે અને તમે એક કલાક પણ અમારી વાત સાંભળતા નથી.તેના જવાબમાં ખંડપીઠે કહ્યું કે જો દલીલો મજબૂત હોય તો તે કેસોની સુનાવણી 20 દિવસ સુધી ચાલુ રહે છે. ખંડપીઠે ફરીથી ભારપૂર્વક જણાવ્યું હતું કે વકીલ પાંડે દ્વારા આપવામાં આવી રહેલી દલીલોને કોર્ટે પહેલેથી જ સાંભળી છે અને તેના પર વિચારણા કરી છે. જસ્ટિસ રાજન રોય અને જસ્ટિસ ઓમ પ્રકાશ શુક્લાએ કહ્યું, ‘જુઓ તે થઈ ગયું. જો તમે (વકીલ પાંડે) આવું કરશો તો અમારે ઊભા થવું પડશે. અમારે આખો દિવસ કામ કરવું પડે છે, આવા ખરાબ મૂડ સાથે કામ કેવી રીતે થઈ શકે. જે કેસમાં 20 દિવસ સુધી ચર્ચા ચાલે છે તે પણ સાંભળવા યોગ્ય છે.

## ગૂગલ મેપ્સે ગેરમાર્ગે દોરતાં

# પાંચ મિત્રોનું જૂથ ગાઢ જંગલમાં ફસાયું

## પાંચ મિત્રોનું જૂથ, જેઓ ઓડિશાના ઢેંકનાલમાં ગૂગલ મેપ્સ દ્વારા પોતાનો રસ્તો શોધી રહ્યા હતા, તેઓ ગેરમાર્ગે દોરાયા



નવી દિલ્હી, તા.૨

પાંચ મિત્રોનું જૂથ, જેઓ ઓડિશાના ઢેંકનાલમાં ગૂગલ મેપ્સ દ્વારા પોતાનો રસ્તો શોધી રહ્યા હતા, તેઓ ગેરમાર્ગે દોરાયા. આ પછી, તેઓ લગભગ 11 કલાક સુધી સપ્તસજય જંગલમાં ભટકતા રહ્યા. અજય નાથ પોતાના મિત્રો સાથે ગુગલ મેપ દ્વારા રૂટ જોતા નીકળ્યા હતા. સુજીત્યા સાહુ, સૂર્ય પ્રકાશ મોહંતી, સુભાન મહાપાત્રા, હિમાંશુ દાસ અને અરક્ષિતા મહાપાત્રા, કટકની એક ખાનગી ITI કૉલેજના વિદ્યાર્થીઓ માટે, પ્રવાસ 11મા કલાકની અગ્નિપરીક્ષામાં ફેરવાઈ ગયો.આ જૂથ પ્રસિદ્ધ સપ્તસજય મંદિરની મુલાકાત લેવા માટે તેમની બાઈક પર નીકળ્યું હતું અને સવારે 11 વાગ્યે પહોંચ્યું હતું. હિલટોપ મંદિર અને વિષ્ણુ બાબાના મઠની મુલાકાત લીધા પછી, તેણે પાછા ફરતી વખતે ખોટો વળાંક લીધો. બપોરે 2 વાગ્યા સુધીમાં, તેઓ ગાઢ જંગલમાં ઊંડે સુધી ભટક્યા, જ્યાંથી બહાર નીકળવાનો કોઈ સ્પષ્ટ રસ્તો નહોતો.માર્ગદર્શન માટે Google Maps પર આધાર રાખવાથી તેમની સમસ્યાઓમાં વધુ વધારો થયો કારણ કે દરેક દિશા તેમને અજાણ્યા વિસ્તારોમાં લઈ જતી હતી. થાકેલા અને ખોરાક વિના, તેઓ 5:30 વાગ્યા સુધીમાં ભૂશુની ઢોલા પહોંચ્યા, જ્યાં તેઓ થોડીવાર રોકાયા અને મદદ માટે કોઈનો સંપર્ક કરે તે પહેલાં મદદ માંગી. બહાર નીકળવા માટે કલાકો સુધી સંઘર્ષ કર્યા પછી, તેમાંથી એક સંપર્ક કરવામાં સફળ થયો અને પોલીસની મદદ માંગી.માહિતી મળ્યા બાદ ખેંકાનલ પોલીસે વન વિભાગ સાથે મળીને બચાવ કામગીરી શરૂ કરી હતી અને બે ટીમો મોકલવામાં આવી હતી. એક માજી સહીથી આગળ વધી રહ્યો હતો અને બીજો મંદિરની બાજુએથી ચઢી રહ્યો હતો.મિત્રોના જૂથમાંથી એક છોકરાએ કહ્યું, “અમે ત્યાં ફરવા ગયા હતા, અમે પગથિયાંથી મંદિર પાર કરીને ટેકરીની ટોચ પર પહોંચ્યા. અમને ગૂગલ પરથી ખબર પડી કે ટોચ પર એક સુંદર જગ્યા છે, જ્યાં અન્ય લોકો આવે છે, તેથી અમે ત્યાં ગયા પરંતુ કેટલાક સબવે સિવાય ત્યાં કંઈ સારું નહોતું.”તેણે વધુમાં કહ્યું કે જ્યારે અમે પાછા ફરવાનું શરૂ કર્યુ ત્યારે અમને બહાર આવવા માટે રસ્તો મળ્યો નહોતો. “ભુસુની ખાલા” નામની એક જગ્યા હતી, આ જગ્યા લોકો માટે પ્રતિબંધિત છે, પરંતુ અમે ભૂલથી ત્યાં પહોંચી ગયા અને તે પછી અમને ત્યાંથી આગળ જવાનો રસ્તો મળ્યો નહીં.

## હપ્તો નહીં ચૂકવવા બદલ કાર લઈ લેવામાં આવી હતી

# શાહરૂખ ખાનની મન્નતમાં અનેક કરોડની કાર પાર્ક છે

મુંબઈ, તા.૨ : જૂહીએ જણાવ્યું કે તે સમયે શાહરૂખ પાસે મુંબઈમાં ઘર ન હતું અને તે દિલ્હીથી કામ માટે આવતો હતો. જુહીને ખબર ન હતી કે તે ક્યાં રહે છે. તેની પાસે માત્ર એક કાર હતી, જેનો હપ્તો સમયસર ચૂકવી ન શકવાને કારણે તે છીનવી લેવામાં આવ્યો હતો. અભિનેત્રી જૂહી ચાવલાએ સુપરસ્ટાર શાહરૂખ ખાનની સફરને એટલી નજીકથી જોઈ હશે જેટલી નજીકથી ઈન્ડસ્ટ્રીમાં ભાગ્યે જ કોઈ અન્ય કલાકારે જોઈ હશે. ૯૦ના દાયકાની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક જૂહી શાહરૂખની પહેલી સાઈન કરેલી બોલિવૂડ ફિલ્મ ‘રાજુ બન ગયા જેન્ટલમેન’ની હીરોઈન હતી. તેણે શાહરૂખ સાથે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યુ અને તેની સાથે પ્રોડક્શન હાઉસ પણ શરૂ કર્યું. આજે પણ, જુહી શાહરૂખની અન્ય એક સાહસમાં ભાગીદાર છે, તેની આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ. હવે જૂહીએ કહ્યું છે કે એક સમય હતો જ્યારે EMI ના ચૂકવવાના કારણે શાહરૂખની એકમાત્ર કાર પણ છીનવી લેવામાં આવી હતી.

# જૂનાગઢ જીલ્લામાં ૩ અપમૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨

જૂનાગઢનાં ગેંડાઅગડ રોડ ઢોરા પર ટેલીફોન એક્ષચેન્જની સામે રહેતા રાહુલભાઈ ભીખુભાઈ જેઠવા (ઉ.વ. ૧૮)એ કોઈપણ અગમ્ય કારણોસર લાગી આવતા ગળાફાંસો ખાઈ જઈ આપઘાત કરી લીધો હતો.

આ ઉપરાંત મજેવડી ગામની અજયભાઈ ભુતીયાની વાડીએ નંદુબાર મહારાષ્ટ્રથી મજુરી કામે આવેલ કલ્પાબેન ચુનીભાઈ સેમળી (ઉ.વ. ૧૭)ને સાપ કરડી જતાં સારવાર દરમ્યાન મૃત્યું પામેલ છે.

તેમજ માળીયા હાટીના તાલુકાનાં કુકસવાડા ગામનાં ઉકાભાઈ સરમણભાઈ વાઢેર (ઉ.વ. ૯૫) અકસ્માતે વાડીનાં કુવામાં પડી જતાં કુવાના પાણીમાં ડુબી જતાં મૃત્યું પામેલ છે.

# વરસાદના પગલે જૂનાગઢ આસપાસના ૯ ગ્રામ્ય રસ્તાઓ અને અન્ય માર્ગ પ્રભાવિત

## કેટલાક રસ્તા ઉપર પાણી વહેતા હોવાથી લોકોને સાવચેત કરાયા




જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લામાં ગઈ રાત્રીથી સતત વરસાદને પગલે કેટલાક રસ્તાઓ પ્રભાવિત થયા છે. જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ નીચાણ વાળા વિસ્તારોમાં લોકોને અવર-જવર ન કરવા ગ્રામ્ય,તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓને હેડ કવાટર ઉપર હાજર રહેવા, ગ્રામ્ય સ્તરે પણ કામગીરી કરવા સુચના આપી છે. જૂનાગઢ આસપાસના માર્ગ મકાન સ્ટેટ અને પંચાયત વિભાગના કેટલાક રસ્તાઓ આજે પ્રભાવિત થયા હતા અને જે અંગે અધિકારીઓએ વિઝીટ પણ કરી હતી. જે રસ્તા ઉપર કોઝવે આસપાસ પાણી વહી રહ્યું છે તે રસ્તાઓમાં અગતરાય આખા ટીકર માણાવદર રોડ, નરેડી બોડકા પીપલાણા સારંગપીપળી રોડ, પાજોદ-લીંબુડા-ઈન્દ્રા-ભિંડોરા રોડ, માંડોદરા-કોયલાણા-કોઠડી રોડ, જૂનાગઢ ધંધુસર રવની છત્રાસા રોડ, વંથલી માણાવદર બાંટવા સરાડીયા રોડ, બગસરા બાલાગામ રોડ, મંગલપુર જોનપુર બામણાસા રોડ અને પાનખર શીલોદર રોડનો સમાવેશ થાય છે. જેના વૈકલ્પિક રસ્તાની પણ ગ્રામજનોને જાણ કરવામાં આવી છે.

### ગુજરાતની ગુડ ગવર્નન્સ ગાથામાં વધુ એક નવું સિમાચિહ્ન

# મુખ્યમંત્રી કાર્યાલયને ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન ૨૦૦૯થી સતત ISO પ્રમાણપત્ર મેળવવાનું ગૌરવ દેશમાં એકમાત્ર ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયને પ્રાપ્ત થયું

## તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૦૯માં ક્વોલિટી મેનેજમેન્ટના ISO બેન્ચલમાર્ક મેળવવાની પહેલની પરંપરા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં પણ જળવાઈ રહી

જૂનાગઢ, તા.૨

મુખ્યમંત્રી કાર્યાલયની ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુકત, સમયબદ્ધ અને પ્રજાલક્ષી સુચારૂ કામગીરીને આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રમાણિત કરતાં આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે.વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે રાજ્યની વહીવટી કાર્ય સંસ્કૃતિમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા સાથે ગુણવત્તા અને કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી કાર્યાલયને ૨૦૦૯માં ISO બેન્ચતમાર્કની ક્વોલિટી ઉપર મૂક્યું હતું. રાજ્ય શાસનના સર્વોચ્ચ કેન્દ્ર એવા મુખ્યમંત્રી કાર્યાલયને જાહેર સેવાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સાતત્યપૂર્ણ સુધારાઓ સાથેના સમયબદ્ધ કાર્ય આયોજન માટે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન પ્રથમવાર ૨૦૦૯માં એનાયત થયું હતું નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી ગુડ ગવર્નન્સની આ સીમાચિહ્નરૂપ કામગીરીને ગુજરાતની પ્રશાસનિક વ્યવસ્થાએ સતત જાળવી રાખી છે. ૨૦૦૯ થી ૨૦૨૩ સુધી સળંગ પાંચ ત્રિવાર્ષિક ISO સર્ટિફિકેશન મેળવનારા દેશના એકમાત્ર રાજ્ય તરીકે ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયે આ વિશેષ ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં 'સ્વાગત' કાર્યક્રમ તથા ISO ઓડિટની પરંપરા પણ સફળતાપૂર્વક આગળ ધપી છે. આ સફળતાને પગલે મુખ્યમંત્રી કાર્યાલયને હાલ ૨૦૨૪ થી ૨૦૨૬ સુધીના સમયગાળા માટેની છઠ્ઠી સાયકલ માટે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ ISO સર્ટિફિકેશન ટેક્નોક્રેટ કન્સલ્ટન્ટના ડિરેક્ટર ભાવિન વોરા તથા સર્ટિફાઈંગ એજન્સી-બ્યુરો વેરિટાસના અધિકારીઓ દ્વારા અર્પણ કરવામાં આવ્યું હતું.

આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન મુખ્યમંત્રી કાર્યાલયને સુનિશ્ચિત માપદંડ સાથે કાર્યસિદ્ધિ, ક્ષમતા અને અસરકારકતા તેમજ સમયબદ્ધતા દ્વારા આમ જનતાની અપેક્ષાની પૂર્તિને હાંસલ કરવા સતત પ્રતિબદ્ધ રાખશે એવો વિશ્વાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો. રાજ્યના વહીવટી પ્રશાસન અંગેના વડાપ્રધાનના ચિંતન તેમજ ઉત્તમ જનસેવાના સંકલ્પને સાકાર કરવાના અવિરત પ્રયત્નોના ફળ સ્વરૂપે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન CMOને મળ્યું છે તે માટે ટીમ CMOને મુખ્યમંત્રી ભૂપેન્દ્રજી પટેલે અભિનંદન પાઠવ્યા છે.

# ડો. એમ. વી. વેકરીયા રાજકોટના તબીબરત્ન, હરસ-ભગંદર-ફીશરના નિષ્ણાંત સેવાભાવી ડો. એમ. વી. વેકરીયાના જન્મદિન અને ડોક્ટર્સ ડેનો આજે સુંદર સમન્વય

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨

ગઈકાલે ૧ જૂલાઇ, ડોક્ટર્સ ડે, જોગાનુજોગ સામાજીક અને તબીબી ક્ષેત્રે પોતાની અનન્ય સેવાઓ વડે હંમેશા અગ્રેસર રહેતા આપણા રાજકોટ શહેરના નામાંકિત પ્રોક્ટોલોજીસ્ટ ડો.એમ.વી. વેકરીયાનો પણ જન્મદિન હતો. તેઓ ૬૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓ જૂનાગઢ જીલ્લાના નવાગામમાં એક સત્સંગી અને સંસ્કારી ખેડૂત પિતાવીરજીભાઈ તથા માતૃશ્રી પાર્વતીબેનના પરીવારમાં જન્મ્યા હતાં. છેલ્લા ૩૮ વર્ષોથી તેઓ તબીબી ક્ષેત્રે તેમજ સેવાકીય ક્ષેત્રે યશસ્વી કામગીરી કરી રહ્યાં છે. ડોક્ટર્સ એસોસીએશનમાં સતત સક્રિય રહીને તબીબી સેવાઓ આપતા ડો.એમ.વી. વેકરીયા એકદમ મૃદુ, સરળ સ્વભાવ અને સેવાભાવને વરેલા છે. તેમણે જામનગર યુનિવર્સિટીથી સ્નાતકની પદ્વી મેળવ્યા બાદ બનારસ યુનિવર્સિટીમાંથી પ્રોક્ટોલોજીની ડિગ્રી મેળવી હરસ, મસા-ભગંદરના નિષ્ણાંત તરીકે સેવાઓ આપવાનો શુભારંભ કર્યો હતો. હરસ, મસા-ભગંદરની સારવાર માટે સતત નવી નવી પધ્ધતિઓ તેમજ ટેકનોલોજીઓનો અભ્યાસ કરી વિશ્વની અતિ આધુનિક સારવાર પધ્ધતિઓ ઉપલબ્ધ કરી સૌરાષ્ટ્રમાં હરસ-ફિશર-ભગંદર-મળમાર્ગ રોગોના લાખો દર્દીઓને સારવાર આપેલ છે અને સફળતાપૂર્વક ૨૯૦૦૦ દર્દીઓના ઓપરેશનો કરી તેમના રાહબર બની ચૂકયા છે. પ્રશંસનીય માનવીય અભિગમ અપનાવીને તેઓશ્રી દર બુધવારે સાંજે ૬ થી ૮ કાયમી ધોરણે આર્થિક રીતે ગરીબ દર્દીઓને તેમની એસ્ટ્રોન ચોક, રાજકોટ સ્થિત હરસ-ભગંદરની સુશ્રુત પાઈલ્સ હોસ્પિટલ ઉપર રાહત દરે સેવાઓ આપે છે. તેમના સુપુત્ર ડો.બાહુલ વેકરીયા સીનર્જી હોસ્પિટલમાં કાર્ડીયાક સર્જન તરીકે અને પુત્રવધુ ડો.વિશ્વા બાહુલ વેકરીયા, રાજકોટ એઈમ્સ હોસ્પિટલમાં રેડીયોલોજીસ્ટ તરીકે સેવા આપી રહેલ છે. તેઓની પુત્રી બંસી વેકરિયાએ માસ્ટર ઓફ આર્કિટેક. કરેલ છે તથા ઓસ્ટ્રેલિયામાં સરકારી જોબમાં સેવા આપી રહેલ છે.

ડો.વેકરીયા સતત છેલ્લી ચાર ટર્મથી બીજેપી ડૉક્ટર્સ સેલમાં સહકન્વીનર પદ પર ૧૨ વર્ષ સેવા આપી ચુક્યા છે અને હાલમાં બીજેપીમાં તેમની કાયમી આમંત્રિત સભ્ય તરીકે નિમણુંક થયેલ છે તેમજ આયુષ ડૉક્ટર્સ ફેડરેશન ઓફ રાજકોટના પુર્વપ્રમુખ તરીકે જવાબદારી નિભાવેલ અને ડૉ. વેકરીયા રાજકોટ ડોક્ટર્સ ફેડરેશનના કાયમી ફાઉન્ડર મેમ્બરપદે સેવા આપી રહ્યાં છે. તેમજ કાલાવડ-યુનિવર્સિટી રોડ ડોક્ટર્સ એસોસીએશનના પૂર્વપ્રમુખ રહી સેવા આપેલ તેમજ સતત ૧૧ વર્ષથી ચેરમેનપદે સેવા આપેલ છે. કોલેજ કાળમાં વિદ્યાર્થી સંગઠનના યુનિવર્સિટી પ્રેસીડન્ટ રહી ચુક્યા છે અને છેલ્લા ૩૭ વર્ષથી બીજેપીમાં સક્રિય સભ્ય પદે છે. તેઓ દેશ-વિદેશની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લેતા રહે છે. તેઓશ્રી ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ધન્વંતરિ એવોર્ડ, લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, સૌરાષ્ટ્રનો બેસ્ટ પ્રોક્ટોલોજીસ્ટ એવોર્ડ અને એમીનન્સ એવોર્ડ પણ પ્રાપ્ત કરી ચુક્યા છે, તેમજ તેઓએ લાયન્સ ક્લબ, જેસીઝ ક્લબ, બોલબાલા ટ્રસ્ટ, વેકરીયા પરિવાર, શ્રી ક્રાંતિ માનવસેવા ટ્રસ્ટ, ખોડલધામ ટ્રસ્ટ તથા મધુરમ ક્લબ દ્વારા પણ અનેક વખત સન્માન અને એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. તેઓએ ગુજરાત મેડીકલ બુલેટીન મન્થલી મેગેઝીનમાં ૧૧ વર્ષ સુધી એમ.ડી. તરીકે સેવા આપેલ છે. આ વર્ષે મે માસમાં ફુલછાબ માનવ સેવા ટ્રસ્ટના ઉપક્રમે જેતપુર ખાતે યોજાયેલ નિદાન-સારવાર કેમ્પમાં તેમણે નિષ્ણાત સેવાઓનો લાભ આપી ત્યાનાં દર્દીઓ માટે ફ્રી તપાસ અને સારવાર માટે પહેલ કરી હતી. બહોળુ મિત્રવૃંદ અને ડૉક્ટર મિત્રો અને મિડીયાના મિત્રોમાં અપાર



ચાહના ધરાવતા ડૉ. વેકરીયાએ સામાજીક ક્ષેત્રે સેવા પ્રવૃતિઓ દ્વારા ખૂબ જ યશ અને નામના હાંસલ કરેલ છે. તેમના જન્મદિનના શુભ અવસરે મોબાઈલ નંબર ૯૮૨૪૦ ૬૬૩૨૧ ઉપર મિત્રવૃંદ તથા શુભેચ્છકો ની શુભકામનાઓની વર્ષા થઈ રહી છે.

# તીર્થસ્થળો ઉપર વૃક્ષારોપણની વ્યાપક ઝુંબેશ હાથ ધરાશે

## ક્લિન એન્ડ ગ્રીન યાત્રાધામ તથા 'સ્વચ્છતા ત્યા પ્રભુતાના' સુત્રને સાર્થક કરવા વૃક્ષારો પણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૨

સમગ્ર દેશમાં વર્ષાઋતુના પ્રારંભે વૃક્ષારોપણની વ્યાપક ઝુંબેશ હાથ ધરાતી હોય છે, ત્યારે ગુજરાત રાજ્યના યાત્રાધામો સ્વચ્છ અને સુઘડ નહી પરંતુ હરિયાળા બની રહે તદાનુસાર ''ક્લિન એન્ડ ગ્રીન યાત્રાધામ'' તથા ''સ્વચ્છતા ત્યા પ્રભુતાના'' સુત્રને સાર્થક કરવા સારૂ રાજ્યના કુલ ૯ મુખ્ય યાત્રાધામો, કુલ ૨૯ મહત્વના યાત્રાધામો તેમજ કુલ ૩૫૮ સરકારી દેવસ્થાનો તથા રાજ્યના તમામ ગ્રામ્ય, શહેરી વિસ્તારના નાના-મોટા તમામ ધાર્મિક સ્થળોને લઈ વ્યાપક રીતે વૃક્ષારોપણ કાર્યક્રમ કરી તમામ ધાર્મિક સ્થળોને હરિયાળા યાત્રાધામ બનાવવા જન અભિયાન હાથ ધરવાનું નક્કી કરાયું છે.

યાત્રાધામ માટે દરેક જિલ્લામાં વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરવી, કાર્યક્રમ વધુ સફળ બનાવવા અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ લેવા સહિત જિલ્લાની સહકારી મંડળી, યુવક મંડળો, સખી મંડળ વગેરેને પ્રસાર-પ્રચારમાં સહભાગી બનાવવા સહિતની કામગીરી કરાશે.

ક્લિન એન્ડ ગ્રીન યાત્રાધામને અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની નોડલ તરીકે, જુદા જુદા વિસ્તારમાં જેમાં યાત્રાધામ ગિરનાર વિસ્તારમાં મદદનીશ વન સંરક્ષકશ્રી, જૂનાગઢ વન વિભાગ નોડલ અધિકારી તરીકે, મહાનગરપાલિકા જૂનાગઢ વિસ્તારમાં નાયબ કમિશ્નરશ્રી, મનપા, જૂનાગઢ નોડલ અધિકારી તરીકે, તાલુકાઓ માટે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી તેમજ નગર પાલિકાઓ માટે સંબંધિત ચીફ ઓફિસર નોડલ અધિકારી તરીકો નિમવામાં આવ્યા છે.

# ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ચેમ્પિયન બનવા માટે ટીમ ઈન્ડિયાને હૃદયપૂર્વક અભિનંદન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨

ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ચેમ્પિયન બનવા માટે ટીમ ઈન્ડિયાને હૃદયપૂર્વક અભિનંદન વિજયી ક્ષણો ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ચેમ્પિયન બનવા માટે ટીમ ઈન્ડિયાને હૃદયપૂર્વક અભિનંદન બનાવવામાં આવી. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ચેમ્પિયન બનવા માટે ટીમ ઈન્ડિયાને હૃદયપૂર્વક અભિનંદન આપે છે. સમગ્ર ટુર્નામેન્ટમાં અસાધારણ અને અસાધારણ જીત મળી છે. દરેક મેચ ખાતરીપૂર્વક અને નોંધપાત્ર રીતે જીતવામાં આવી હતી. ટીમ ઈન્ડિયાએ શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શન સાથે ટુર્નામેન્ટમાં સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે . બીસીસીઆઈના ભૂતપૂર્વ માનદ સચિવ નિરંજન શાહે વ્યક્ત કર્યું, ''ટીમ ઈન્ડિયા ચેમ્પિયન બનીને જે ગૌરવ લાવ્યું છે તે પ્રત્યેક ભારતીય માટે આ પ્રતિષ્ઠિત અને આનંદની ક્ષણ છે. ૨૦૦૭માં અસાધારણ ૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયનશિપ પછી ઈતિહાસ અને વિજયી ક્ષણો ફરીથી બનાવવામાં આવી જ્યારે હું માન. બીસીસીઆઈના સચિવ. ૨૦૦૭ અને ૨૦૨૪ની ફાઈનલ નખ કરડવાની હતી, પરંતુ ટીમ ઈન્ડિયાએ પોતાનો ઠંડો અને આત્મવિશ્વાસ જાળવી રાખ્યો અને શાનદાર જીત મેળવી. હું રાષ્ટ્રને ગૌરવ અપાવવા બદલ સુકાની રોહિત શર્મા, ટીમ ઈન્ડિયા, ટીમ સપોર્ટ અને BCCIના દરેકને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.'' સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહે વ્યકત કર્યુ, ''દરેક ભારતીયની જેમ, દરેક ક્રિકેટ ચાહકની જેમ, મને પણ ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ ના ચેમ્પિયન બનવા બદલ ટીમ ઈન્ડિયા ઉપર ખૂબ જ ગર્વ છે. નિરંજન શાહ સ્ટેડિયમના નામકરણ સમારોહ દરમ્યાન BCCIના માનદ સચિવ જયભાઈ શાહ દ્વારા રોહિત શર્માની કેપ્ટનશીપ પર મૂલ્યવાન વિશ્વાસ અને સમર્થનની જાહેરાત કરવામાં આવી હતી.

આવા નેતૃત્વ હેઠળ, ટીમ ઈન્ડિયાએ ટીમ અને વ્યક્તિ તરીકે અસાધારણ પ્રદર્શન કર્યુ જેના પરિણામે ચેમ્પિયનશિપ થઈ. રોહિત, વિરાટ, જસપ્રીત, સૌરાષ્ટ્રના હીરો રવિન્દ્ર અને ટીમ ઈન્ડિયાના દરેકને અભિનંદન. રાહુલ દ્રવિડ અને ટીમ સપોર્ટ તેમજ BCCIની એડમિન ટીમનો ટ્રોફીને ઘરે લાવવા માટે તેમના મૂલ્યવાન યોગદાન માટે વિશેષ ઉલ્લેખ.

# રવિન્દ્ર જાડેજાએ ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ના ચેમ્પિયન બન્યા પછી T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨




ટીમ ઈન્ડિયા અને ક્રિકેટની દુનિયાના શ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક રવિન્દ્ર જાડેજાએ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટને વિદાય આપી છે. રવીન્દ્રએ વિશાળ જીત અને ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ ના ચેમ્પિયન બન્યા પછી T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. ક્રિકેટ જગતના ત્રણ દિગ્ગજ ખેલાડીઓ, રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાએ વર્લ્ડ કપ જીત્યા બાદ નિવૃત્તિની જાહેરાત કરી હતી. રવિન્દ્ર જાડેજા રમતના તમામ ફોર્મેટમાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડર છે. તેણે ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે મુખ્ય ભૂમિકાઓ ભજવી છે, પછી તે બોલ, બેટ અથવા મેદાન ઉપર હોય. તેણે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન આપ્યુંછે અને ચાલુ રાખશે. નિરંજન શાહ, પૂર્વ બીસીસીઆઈના સેક્રેટરીએ જણાવ્યું, ''રવીન્દ્ર હંમેશા તમામ ફોર્મેટમાં રમતનો અભિન્ન ભાગ રહ્યો છે. મેં તેની નાની ઉંમરથી જ રમત પ્રત્યેનો તેમનો જુસ્સો અને સમર્પણ જોયો છે. તે હંમેશા વધુ સારા પ્રદર્શન માટે ઝંખતો રહ્યો છે અને નોંધપાત્ર સિદ્ધિઓ મેળવવાનું ચાલુ રાખ્યું છે. તે તમામ ફોર્મેટમાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડર છે. તે સાચું કહેવાય છે કે દરેક વિદાય એ સૂર્યાસ્ત છે જે હંમેશા સૂર્યોદયની રાહ જુએ છે. રવિન્દ્ર દરેક ક્રિકેટર અને દરેક ક્રિકેટ ચાહકો માટે મહાન પ્રેરણા છે અને રહેશે.'' સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહે વ્યક્ત કર્યું, ''રવીન્દ્રની T20 ઈન્ટરનેશનલની અસાધારણ ક્રિકેટ કારકિર્દી કાયમ માટે યાદ રાખવામાં આવશે. તે ખૂબ જ મહત્વપૂર્ણ અને નોંધપાત્ર ક્રિકેટરોમાંનો એક છે અને તે હંમેશા બોલ તેમજ બેટ અને મેદાન ઉપર પણ શાનદાર રહ્યો છે. તેણે ઘણા મેચ વિનિંગ પરફોર્મન્સ આપ્યા છે અને ગેમમાં તેનું યોગદાન હંમેશા નોંધપાત્ર રહ્યું છે. હું ભાગ્યશાળી છું કે હું રવિન્દ્ર સાથે કેટલીક યાદગાર મેચ રમી શકું છું. તે હંમેશા એક મહાન ટીમ સભ્ય રહ્યો છે. જ્યારે હું રવીન્દ્રને T20 વર્લ્ડ કપ ૨૦૨૪ના ચેમ્પિયન બનવા માટે હૃદયપૂર્વક અભિનંદન આપું છું, ત્યારે મને લાગે છે કે T20 આંતરરાષ્ટ્રીય ફોર્મેટ ચોક્કસપણે તેની ખોટ કરશે. મને પૂરો વિશ્વાસ છે કે રવિન્દ્ર રમતના અન્ય ફોર્મેટમાં નોંધપાત્ર પ્રદર્શન કરવાનું ચાલુ રાખશે.''

# સરકારી ફરજમાં બેજવાબદાર ખંભાળિયાના તાલુકા પંચાયતના કર્મચારીને મામલતદાર દ્વારા ધરપકડ વોરંટ ઈસ્યુ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયા તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા એક કર્મચારીએ હાલ ચોમાસાની ઋતુમાં ફરજિયાત હાજર રહેવા તેમજ સોંપવામાં આવેલી ફરજ પ્રત્યે બેદરકાર રહી, ગેરહાજર હોવાના કારણે અહીંના મામલતદાર દ્વારા આ કર્મચારીનું ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. આ અંગે જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયાની તાલુકા પંચાયત કચેરીમાં ટેક. આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા મેઘરાજસિંહ પરમારને શનિવાર તારીખ ૨૯ મી ના રોજ બપોરે ૨ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમ ખાતે સક્ષમ અધિકારી દ્વારા ફરજ સોંપવામાં આવી હતી અને આ અંગે સંબંધિત કચેરી મારફતે હુકમની બજવણી પણ કરવામાં આવી હતી. પરંતુ આ કર્મચારી મેઘરાજસિંહ સોઢાએ અહીંના તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમ ખાતે આપવામાં આવેલી ફરજના સ્થળે કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય કે પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ગેરહાજર રહેતા અધિકારીનો હુકમનો અનાદર કર્યો હતો. આથી અહીંના મામલતદાર વી.આર. વરુ દ્વારા ખંભાળિયા પોલીસ મથકના પી.આઈ.ને એક હુકમ પાઠવી અને કર્મચારી મેઘરાજસિંહ સોઢાનું ધરપકડ વોરંટ કાઢી, તેમને ફરજ ઉપર હાજર કરાવવામાં આવ્યા હતા. વધુમાં જાણવા મળતી વિગત મુજબ ઉપરોક્ત કર્મચારીને ફરજ બાબતે અગાઉ પણ અવારનવાર નોટિસો આપવામાં આવી હતી. તેમ છતાં પણ તેઓ મનસ્વી રીતે કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર ફરજમાં ગેરહાજર રહેવાની ટેવ ધરાવતા હતા. જેથી મામલતદાર દ્વારા ધરપકડ વોરંટ ઈસ્યુ કરી, અને ડિઝાસ્ટરની ફરજમાં બેદરકારી દાખવતા કર્મચારીઓ માટે ચેતવણી રૂપ દાખલો બેસાડવામાં આવ્યો હતો.

# વિસાવદરના રબારીકા મંડળીની ૬૮મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૨

વિસાવદર તાલુકાની સહકારી ક્ષેત્રના પ્રથમ સ્થાન ધરાવતી સહકારી મંડળી એવી રબારીકા જુથ સેવા સહકારી મંડળી લી.ની વાર્ષિક સાધારણ સભા તારીખ ૩૦/૬/૨૦૨૪ના રોજ યોજાઈ, મંડળીના કાર્યક્ષેત્રમાં આવતા પાંચ ગામોમાંથી સભાસદો ઉપસ્થિત રહ્યા, તેમાં મંત્રી રસિકભાઈ વી.પાંચાણી દ્વારા મંડળીના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા મંડળી દ્વારા ૧૦ કરોડ ૧૨ લાખનું ધિરાણ કરેલ છે તેમજ ૨૩/૨૪ના વર્ષમાં ૧૩,૧૮,૦૦૦/- રૂપિયાનો નફો કરવામાં આવેલ જે નફામાંથી મંડળીના સભાસદોને ૧૫% ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું. તેમજ વાર્ષિક સાધારણ સભા સાથે મંડળીની ચૂંટણી યોજાઈ હતી જેમાં બિનહરીફ પેનલ ચૂંટાયેલી અને મંડળીના પ્રમુખ તરીકે શામજીભાઈ વાવૈયા અને સભ્યો તરીકે મીનલભાઈ મહેતા, ધનજીભાઈ સતાસીયા, રસીલાબેન ભાલીયા, હરેશભાઈ આસોદરિયા, મનસુખભાઈ કોરાટ, અરવિંદભાઈ વડાલીયા, પોપટભાઈ રામાણી, નારણભાઈ



ગોંડલીયા, મુનેશભાઈ પોંકિયા, નાગજીભાઈ વિરાણી, જસ્મતભાઈ વિસાવલિયા, હરિભાઈ ગોંડલીયા, ગોપાલભાઈ રાદડિયા, રમેશભાઈ રાદડિયા ની સર્વોના મતે વર્ણી કરવામાં આવેલ અને આગામી વર્ષોમાં મંડળી દ્વારા ખેડૂત લક્ષી વધુને વધુ કાર્યો કરવામાં આવશે તેવું મંડળીના મંત્રી રસિકભાઈ પાંચાણી દ્વારા જણાવવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કટોકટીના સ્મરણ પર વાંધો

એ આશ્ચર્યજનક છે કે કોંગ્રેસને કટોકટીને યાદ કરાતાં મરચાં લાગી રહ્યાં છે અને તે પણ ત્યારે, જ્યારે તે એવો દાવો કરી રહી છે કે તે બંધારણ બચાવવા માટે પ્રતિબધ્ધ છે અને એ જ ક્રમમાં નવી લોકસભાના પહેલા દિવસે સંસદ પરિસરમાં બંધારણની નકલો લહેરાવવામાં આવી! કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આ જ કામ લોકસભા ચૂંટણીઓ વખતે પણ કરતા હતા. જો કોંગ્રેસ અને તેમના સહયોગી પક્ષો બંધારણ બચાવા માટે વાસ્તવમાં પ્રતિબદ્ધ હોય તો પછી તેમને કટોકટીના સ્મરણ પર વાંધો શું કામ હોવો જોઈએ? શું એટલા માટે કે કટોકટી લાદવાનું કામ કોંગ્રેસનાં ઈન્દિરા ગાંધીએ કર્યું હતું? કટોકટી લાદીને તેમણે લોકતંત્રને કલંકિત કર્યું હતું, સાથે જ બંધારણને કચડવાની સાથે દેશને બંદીગૃહમાં તબદીલ પણ કરી દીધો હતો. જો વિપક્ષી દળો અને વિશેષ રૂપે કોંગ્રેસ બંધારણ પ્રત્યે સહેજ પણ આદર ધરાવતા હોય તો તેમણે બંધારણની નકલો લહેરાવવાને બદલે કટોકટીના એ કાળા દોરને ન માત્ર યાદ કરવો જોઈએ, બલ્કે તેને લાગુ કરનારા લોકોની નિંદા પણ કરવી જોઈએ. કોંગ્રેસે કમ સે કમ એટલું તો સાહસ કરવું જ જોઈએ કે તે પોતાના નેતાઓ દ્વારા કટોકટી થોપવાને એક ભૂલ ગણાવે. જો તે એવું ન કરી શકે તો પછી તે કટોકટીકાળ સામે લડનારાઓની ટીકા તો ન જ કરે!

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના હિસાબે કેન્દ્ર સરકારે કટોકટી કાળને યાદ કરવાને બદલે વર્તમાન મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આખરે આ બંને મુદ્દા એકસાથે કેમ ન થઈ શકે? શું ભૂતકાળની ભૂલોને યાદ ન કરવી જોઈએ? ધ્યાન રહે કે જે સમાજ ભૂતકાળની ભૂલોને ભૂલી જાય છે તે ફરીથી એવી જ ભૂલો દોહરાવવા અભિશપ્ત હોય છે. એ એક કુતર્ક જ છે કે કટોકટી કાળનું સ્મરણ એટલા માટે ન કરવું જોઈએ, કારણ કે તેને લાગુ થયે ૫૦ વર્ષ થવા જઈ રહ્યાં છે. શું કોંગ્રેસ હવે એમ પણ કહેશે કે દેશવાસીઓએ ભારત વિભાજનને યાદ ન કરવું જોઈએ? જો કોંગ્રેસ અને તેની સાથે ઊભેલા રાજકીય પક્ષો એવું વિચારી રહ્યા હોય કે બંધારણની નકલો લહેરાવવાથી દેશ કટોકટી કાળને યાદ કરવાનું છોડી દેશે અને એ ભૂલી જશે કે એ દરમ્યાન વિપક્ષ, મીડિયા અને નાગરિક અધિકારોનું ભયાવહ દમન કરવાની સાથે બંધારણ સાથે કેવી રીતે છેડછાડ કરવામાં આવી હતી અને એ જ ક્રમમાં ન્યાયપાલિકાને પણ ધમકાવવામાં આવી હતી, તો એ સંભવ નથી. સારું રહેશે કે કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોના નેતા બંધારણની જે નકલો લહેરાવી રહ્યા છે, તેને ખોલીને કશું નહીં તો બંધારણની પ્રસ્તાવના જ વાંચી લે, જેથી તેમને ખબર પડે કે કઈ રીતે બંધારણને બદલવાની કોશિશ કરવામાં આવી હતી. એ વિકૃત વિરોધાભાસ જ છે કે કોંગ્રેસ બંધારણ બચાવવાનો દમ પણ ભરી રહી છે અને એમ પણ કહી રહી છે કે મોદી જનાદેશની અવગણના કરીને વડાપ્રધાન બની ગયા છે!

## ઉનામાં બીએડ-એમએડની પ્રવેશ પરીક્ષા યોજાઈ



ઉના તા.૨ : ભકતકવી નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ દ્વારા સ્વામિનારાયણ કોલેજ ઉના કેન્દ્રમાં બી.એડ્ એમ. એડ્ મધ્યસ્થ પ્રવેશ સમિતિ ના ચેરમેન ડો. જયકુમાર ત્રિવેદી ના માર્ગદર્શન તળે બી.એડ્ એમ.એડ્ પ્રવેશ પરિક્ષા યોજાઈ. સંસ્થા ના પ્રમુખ શાસ્ત્રી સ્વામી માધવદાસજી સ્વામી એ બધા વિધાર્થીઓ ને શુભેચ્છાઓ સાથે આશીર્વાદ આપેલ. ૨૯૦ વિધાર્થીઓ એ શાંત વાતાવરણમા પ્રવેશ પરિક્ષા આપી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવનમાં વિજય પ્રાપ્તિ માટે ધીરજથી મોટી બીજી કોઈ શક્તિ નથી.

- સ્વામી રામતીથ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૧૧ યોગીની એકાદશી તા.૨ જુલાઈ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૫, કૃતિકા નક્ષત્ર, ધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), સવારે ૧૧:૧૩ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃષભ:વડીલવર્ગની પ્રીતિ પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
મિથુન:રચનાત્મક કાર્યમાં સફળતા મળે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી હિતાવહ.
કર્ક: નાણાંભીડ હળવી બને. મહત્વના કાર્યમાં સફળતા મળે.
સિંહ: વિલંબથી કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
કન્યા: પ્રિયજનથી વિરહ રહે. સંપત્તિને લગાત કાર્યોનો ઉકેલ મળે.
તુલા: નોકરીયાતને ઉપરી અધિકારીથી લાભ. રોકાયેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક:ધંધાકીય કાર્યમાં લાભ મેળવી શકશો. પ્રવાસમાં લાભ થાય.
ધન: ખર્ચનો પ્રસંગ બને. ધંધાકીય કાર્યમાં વિઘ્ન આવે.
મકર: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. મનમાં મૂંઝવણ અનુભવાય.
કુંભ: આકસ્મીક પ્રવાસનો લાભ મળે. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીન: નાણાંભીડ તીવ્ર બને. કાર્યબોજ હળવો બને.

### રાજ્ય સરકારની જાહેરાત

# રાજ્ય સરકાર ૧૦ હજારથી વધુ ખેડૂતોને સહાય ચુકવશે

## ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદને કારણે જે ખેડૂતોને નુકસાન ગયું છે તેને સહાય ચુકવવાની શરૂઆત કરી છે



ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં માર્ચ અને મે મહિનામાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદને કારણે ખેડૂતોને નુકસાન થયું હતું. રાજ્યમાં ઘણા જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદને ખેડૂતોને થયેલા નુકસાનની સહાય ચુકવવાની માંગ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે પણ સહાય ચુકવવાની માંગ કરી હતી. હવે આ સહાય મામલે મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. ગુજરાતમાં માર્ચ અને મે મહિનામાં કમોસમી વરસાદની સહાય ચુકવવાની શરૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં માર્ચ ૨૦૨૪માં સાબરકાંઠા, મહેસાણા, ખેડા અને અરવલ્લીના ૯૬૭૪ ખેડૂતોને કમોસમી વરસાદની સહાય ચુકવવામાં આવશે. આ ખેડૂતોને એસડીઆરએફ નોર્મ્સ પ્રમાણે સહાય ચુકવવામાં આવશે. આ સિવાય વાત કરવામાં આવે તો મે મહિનામાં પણ રાજ્યમાં કમોસમી વરસાદ પડ્યો હતો. મે મહિનામાં સુરત અને વલસાડ જિલ્લાના ખેડૂતોને વધુ નુકસાન થયું હતું. હવે રાજ્ય સરકારે નર્મદા, સુરત અને વલસાડ જિલ્લાના ૧૩૬૯ ખેડૂતોને સહાય ચુકવવાનો નિર્ણય લીધો છે. આ બધા ખેડૂતોને સરકારી નિયમ પ્રમાણે સહાય મળશે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજનાની માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક નાગરિકને રાસાયણીક ખાતર તેમજ જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના ઉત્પાદિત કરેલા શાકભાજી પાકો સરળતાથી મળી રહે તે માટે "શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના" અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ શાકભાજીની ખેતી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરતા હોય તેવા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ તથા શાકભાજીની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે મહત્તમ રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં રૂ. ૧૦૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે.

### દ્વારકાના ત્રિવેદી પરિવારના યુવાનો ધ્વજાજી ચડાવવાનું કામ કરે છે

# દ્વારકામાં વરસાદ-પવનને પગલે જગત મંદિરની ધજા અડધી કાઠીએ ફરકાવાઈ

## ૧૫૦ ફૂટ ઊંચા મંદિરના શિખર ઉપર લગભગ ૨૫ ફૂટ લાંબો ધ્વજ દંડ આવેલો છે આ ધ્વજદંડ પર ધ્વજારોહણ કરવામાં આવે છે



(સંપૂર્ણ સમાચાર સેવા) દ્વારકા,તા.૨

દેવભૂમિ દ્વારકામાં વરસાદ તથા તોફાની પવનને પગલે અહીંના જગતમંદિર પર અડધી કાઠીએ ધ્વજા લહેરાવાઈ છે.દ્વારકામાં રવિવારે વહેલી સવારથી જ વરસાદ વરસવો શરૂ થયો હતો.

ભારે વરસાદ, પવન હોય ત્યારે દ્વારકાધીશની ધજા સુરક્ષાના કારણોસર અડધીકાઠીએ ફરકાવાય છે. જેના પગલે આજે ધજા અડધી કાઠીએ લહેરાવાઈ હતી. નોંધની યછે કે, દ્વારકાના જગત મંદિરમાં દરરોજને માટે છ ધજાજી ચડાવવામાં આવે છે.

ધજાજી ચડાવવા માટે ખૂબ મોટું વેઈટિંગ લિસ્ટ રહેલું છે. ભક્તોની મનોકામના પૂર્ણ થયે ધ્વજાજી ચડાવીને ભક્તો શ્રીજી સમક્ષ આભાર પ્રગટ કરે છે. તડકો હોય, વાવાઝોડું હોય, વરસાદ હોય પરંતુ દરરોજને માટે છ ધ્વજાજી ચડાવવાનો નિયમ રહેલો છે. દ્વારકાના ત્રિવેદી પરિવારના યુવાનો ધ્વજાજી ચડાવવાનું કામ કરે છે. ૧૫૦ ફૂટ ઊંચા મંદિરના શિખર ઉપર લગભગ ૨૫ ફૂટ લાંબો ધ્વજ દંડ આવેલો છે.

આ ધ્વજદંડ પર ધ્વજારોહણ કરવામાં આવે છે. હવામાન ખાતાની આગાહી અનુસંધાને ભારે પવન તથા ભારે વરસાદની સંભાવના સેવવામાં આવી છે, ત્યારે જગત મંદિરના શિખર ઉપર ચડાવવામાં આવતી ધજાજી અડધી કાઠીએ સુરક્ષાના લીધે ફરકાવવામાં આવી હતી.

### પ્રિયંકાએ કર્યો રાહુલ ગાંધીનો બચાવ

# મારો ભાઈ હિંદુઓનું અપમાન ન કરી શકે : પ્રિયંકા ગાંધી

## તેમણે જે પણ કહ્યું તે ભાજપ માટે કહ્યું, હિંદુ સમાજ માટે નહીં



નવી દિલ્હી, તા.૨

સંસદ સત્રના છઠ્ઠા દિવસે લોકસભા અને રાજ્યસભા બંને સદનોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચર્ચા શરૂ કરી અને બંધારણના બહાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે પોતાના હાથમાં બંધારણની નકલ સાથે ભાષણની શરૂઆત કરી હતી. આ દરમિયાન તેમણે એવું નિવેદન આપ્યું જેનાથી હોબાળો મચી ગયો. તેના પર વડાપ્રધાન મોદીએ ઊભા થઈને વિરોધ કર્યો અને કહ્યું કે, 'સમગ્ર હિંદુ સમાજને હિંસક કહેવું ગંભીર બાબત છે.' બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર પ્રિયંકા ગાંધીએ રાહુલ ગાંધીનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'મારો ભાઈ હિંદુઓનું અપમાન ન કરી શકે. તેમણે જે પણ કહ્યું તે ભાજપ માટે કહ્યું, હિંદુ સમાજ માટે નહીં.'

રાહુલ ગાંધીના આ નિવેદન બાદ વિવાદ સર્જાયો હતો. પ્રિયંકા ગાંધીને સંસદની બહાર આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, 'મારો ભાઈ ક્યારેય હિંદુઓનું અપમાન કરી શકે નહીં. તેમણે ભાજપ વિશે વાત કરી છે. તેમણે ભાજપના નેતાઓ વિશે વાત કરી છે.'

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, 'મોદીજીએ એક દિવસ પોતાના ભાષણમાં કહ્યું હતું કે ભારતે ક્યારેય કોઈ પર હુમલો કર્યો નથી. તેનું કારણ ભારત અહિંસાનો દેશ છે, તેઓ ડરતા નથી. આપણા મહાપુરુષોએ આ સંદેશ આપ્યો હતો, ડરશો નહીં. શિવજી કહે છે, ડરશો નહીં, ડરશો નહીં અને ત્રિશૂળને જમીનમાં દાટી દો. બીજી બાજુ, જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા-હિંસા-હિંસા...દ્વેષ-દ્વેષ-દ્વેષમાં વ્યસ્ત રહે છે. તમે બિલકુલ હિંદુ નથી. હિંદુ ધર્મમાં સ્પષ્ટ લખ્યું છે કે સત્યનું સમર્થન કરવું જોઈએ.'

રાહુલ ગાંધીના નિવેદન પર શાસક પક્ષના સભ્યોએ હોબાળો શરૂ કર્યો હતો. વડાપ્રધાન મોદી પોતાની ખુરશી પરથી ઊભા થયા અને તેને ગંભીર મામલો ગણાવ્યો. તેમણે કહ્યું કે, 'સમગ્ર હિંદુ સમાજને હિંસક કહેવું ગંભીર બાબત છે.' તેના પર રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'વડાપ્રધાન મોદી અને ભાજપ આખો હિંદુ સમાજ નથી.'

## ખંભાળિયાના જુદા જુદા વિસ્તારોમાં કાર્યકરો દ્વારા "એક પેડ માં કે નામ"



જામ ખંભાળિયા, તા.૨

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રવિવારે ૧૧૧ મી વખત "મન કી બાત" કાર્યક્રમ તેમજ "એક પેડ માં કે નામ" વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત ખંભાળિયા તાલુકા અનુસુચિત જાતિ મોરચા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ લખુભાઈ ચાવડા તેમજ ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં પ્રકાશભાઈ ચાવડા, રવિભાઈ નકુમ સહિતના યુવાનો અને મહિલા કાર્યકરો પણ જોડાયા હતા.

# વરસાદથી પાવાગઢ ડુંગર પરના પથ્થરો નીચે ધસી પડતાં અફરાતફરી મચી

ગોધરા,તા.૨

યાત્રાધામ પાવાગઢ ખાતે ધોધમાર વરસાદ તુટી પડયો હતો. જેને લઈને ડુંગર ખાતે લેન્ડ સ્લાઈડિંગની ઘટના બની હતી. લેન્ડ સ્લાઈડીંગની ઘટનાને પગલે નાની મોટી પથ્થરની ભેખડો જમીન પર ઘસી પડવાની ઘટનાઓ બની હતી. પાવાગઢ ખાતે ડુંગર પર પગથિયા રહી ઉપર ચડવા ઉતરવાના રસ્તામાં પાટીયા પુલ તારાપુર દરવાજાની વચ્ચે આવેલા સપાટ રસ્તામાં મુખ્ય રસ્તાની સાઈડ પર ખીણની ધાર પર પગપાળા ચાલતા યાત્રિકોની સુરક્ષા સલામતી માટે બનાવવામાં આવેલી લોખંડની મજબૂત રેલિંગ પર આ ભેખડોના પથ્થર આવી પડતા લોખંડની રેલીંગ ધરાશય થઈ હતી. નજીકમાં જ આવેલી એક કાચી દુકાન પર પણ આ પથ્થરો પડતા દુકાનમાં નુકસાન થયું હતું. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. આ બનાવની જાણ થતાં ટ્રસ્ટના હોદ્દેદારો, અધિકારીઓ અને સુરક્ષાકર્મીઓ દોડી આવ્યા હતા.

ડુંગર પરની ભેખડો ઘસી પડી લોખંડની રેલિંગ પર પડવાની ઘટનાને લઈને ભેખડના પથ્થરો અને લોખંડની રેલિંગ તૂટીને મુખ્ય સપાટીવાળા રસ્તા પર આવીને પડતા અડધો અડધ રસ્તો ઢંકાઈ ગયો હતો. રવિવારે યાત્રાધામ પાવાગઢ ખાતે હજારોની સંખ્યામાં યાત્રીકો માતાજીના દર્શન કરવા ઉમટી પડયા હતા.

### રીમઝીમ...બરસે...સાવન...

# પ્રભાસની ધરતી ઉપર ચોમાસા અથાણાના વેલા ઉગે છે... હો...

## સોમનાથ ચોમાસુ અથાણું માલકરમદા

(પ્રતિનિધી દ્વારા) પ્રભાસપાટણ, તા. ૨

સોમનાથ પ્રભાસ પાટણ સીમ વગડામાં રીમઝિમતા વરસાદ સાથો સાથ માલ કરમદાનો ફાલ ઉતરે છે.

પ્રભાસની શાક માર્કેટમાં વેચાતા આ માલકરમદા ઝીણા દાણાં જેવા લીલા કલરનાં હોય છે. અને ઝુમખા સ્વરૂપે હોય છે. જેનો સ્વાદ તુરો હોય છે. પરંતુ તેના ઝુમખાને બરણીમાં નાખી હળદર, લીંબુ, પાણી અને નમક અગર ખટાશ વાળા અથાણાનું પાણી નાખી તેને ચોમાસામાં ભોજન સાથે અથાણારૂપે ખવાય છે. આ માલકરમદાનો શાક માર્કેટમાં ભાવ કીલોના રૂપીયા ૧૪૦ છે. સાત દિવસ સધુ ખટાશવાળા પાણીમાં રાખી પછી ઉપયોગ લેવાય છે ત્યારે તેનો સ્વાદ ખાટો થાય છે. આ સીમ - વગડામાં કુદરતી રીતે ઉગતી વનસ્પતિ છે જેનું વાવેતર થતું જ નથી અને ગીર વિસ્તારમાં જ ખવાય છે.

## ઉનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાત કાર્યક્રમને સાંભળતા આગેવાનો



(નવીન જોષી દ્વારા) ઉના તા.૨

ઉના વિધાનસભાના ધારાસભ્ય કાળુભાઈ ચનાભાઈ રાઠોડના કાર્યાલય ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના ૧૦૯, મી મન કી બાતના કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, ઉના શહેર ભાજપના મહામંત્રી સુનિલભાઈ મુલચંદાણી, કાંતિભાઈ છગ, ઉના નગરપાલિકાના સદસ્યના પ્રતિનિધિ હરેશભાઈ જોશી, હરેશભાઈ વેકારીયા,ઈન્દ્રભાઈ કારતેલ, હરેશભાઈ દવે, દિલાવરભાઈ નંદવાણા, કિશનભાઈ, રમેશભાઈ,યુવા મોરચાના પ્રમુખ હિરેનભાઈ સોલંકી,એમના મહામંત્રી કિરીટભાઈ વાજા તેમજ કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# ૧ જુલાઈથી લાગુ કરવામાં આવેલા નવા ફોજદારી કાયદાનો અમલ કરવા શું ભારતની પોલીસ તૈયાર છે ?

## સ્ક્રોલે વિવિધ પોલીસ સ્ટેશનોની મુલાકાત લીધી જેમાં તેને જાણવા મળ્યું કે, અધિકારીઓને નવી જોગવાઈઓથી પરિચિત થવા માત્ર થોડા દિવસની જ તાલીમ લેવાની હતી

નવી દિલ્હી તા.૨

જૂનની શરૂઆતમાં, દિલ્હી નજીક નોઇડાના પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર શરાફત અલીએ ફોજદારી કાયદો નવેસરથી શીખવા માટે નિયમિત ફરજોમાંથી વિરામ લઈને એક દિવસીય તાલીમ સત્રમાં હાજરી આપી હતી.

ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીના અભૂતપૂર્વ ફેરફારને કારણે આ સત્રની આવશ્યકતા હતી. ૧ જુલાઈથી , આ સિસ્ટમનો પાયો બનાવનારા ત્રણ મુખ્ય ફોજદારી કાયદા, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦, ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૮૨ અને ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ - કાર્યરત થવાનું બંધ થશે. આ જુના ફોજદારી કાયદાઓને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩, ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ દ્વારા બદલવામાં આવશે, જેને ડિસેમ્બરમાં સંસદમાં પસાર કરવામાં આવ્યા હતા. કાયદાકીય પ્રણાલીમાં કામનો આધાર બનાવનારા આવા પરિવર્તનની તૈયારી કરવા માટે, સમગ્ર ભારતમાં પોલીસ વિભાગો નવા કાયદા માટે પોલીસ અધિકારીઓને તાલીમ આપવા વ્યસ્ત છે. અલીએ આવા જ એક ટ્રેનિંગ સેશનમાં હાજરી આપી હતી. તેમણે કહ્યું, ‘‘નવા કાયદામાંના વિભાગો વર્તમાન કાયદામાંના વિભાગો તેમજ નવા કાયદાઓમાં દાખલ કરાયેલા ફેરફારો સાથે કેવી રીતે સંબંધિત છે તે અંગે અમને માહિતગાર કરવામાં આવ્યા હતા. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતામાં રજૂ કરવામાં આવેલા પોલીસ માટે ભરવા માટેના નવા ફોર્મનો પણ અભ્યાસ કર્યો હતો. છેવટે, સ્નેચિંગ, બળાત્કાર, દહેજ મૃત્યુ અને નવા કાયદા હેઠળ પોલીસ કેવી રીતે આગળ વધશે તે અંગે પણ માહિતી શીખી હતી.’’ સત્ર સમાપ્ત થયા પછી, તેમને મોબાઈલ ફોન એપ્લિકેશન દ્વારા નવા કાયદાની સામગ્રીને જોઈ જવા માટે કહેવામાં આવ્યું હતું. જો કે, તે એપ તેમના ફોનમાં ન હોવાને કારણે તેનું નામ આપી શક્યા ન હતા. ૫૦ વર્ષની ઉંમર ધરાવતા અલીએ હસતાં હસતાં કહ્યું, ‘‘હું સ્માર્ટફોનમાંથી આ બધુ શીખવા માટે ખૂબ જ ઘરડો છું.’’ નોઈડા ફેઝ ૨ પોલીસ સ્ટેશનમાં તેના સાથીદાર, આસિસ્ટન્ટ સબઈન્સ્પેક્ટર રેણુ કુમાર, નવા કાયદાના અમલના માત્ર ૧૦ દિવસ બાકી રહ્યા છે ત્યારે હજુ તાલીમ લેવાના બાકી હતા. કુમારે જણાવ્યું હતું કે, જૂનના અંત પહેલા તેઓ ત્રણ દિવસીય તાલીમ અભ્યાસક્રમ માટે સુનિશ્ચિત હતા, પરંતુ તે ક્યારે શરૂ થશે તેની તેમને ખબર ન હતી. સ્ક્રોલ દ્વારા દિલ્હી અને તેની આસપાસના પોલીસ સ્ટેશનોની મુલાકાત લેવામાં આવી હતી, ઘણા અધિકારીઓ તે વિશે બોલવામાં અચકાતા હતા કે, શું તેઓ નવા કાયદાઓથી પૂરતા પરિચિત હતા કે જેથી તેઓ તેનો સરળ અમલ કરી શકે. જેઓ બોલવા માટે સંમત થયા તેઓએ સ્વીકાર્યું કે, તેઓએ માત્ર થોડા દિવસો માટે ન્યૂનતમ વર્ગખંડમાં તાલીમ મેળવી હતી અને તેઓ હજુ પણ નવા કાયદાની જોગવાઈઓ સમજમાં આવતા થોડોક સમય લાગશે છે. પોલીસ અધિકારીઓએ સ્વીકાર્યું કે, આગામી મહિનાથી નવી કાનૂની વ્યવસ્થામાં પરિવર્તન કરવું પડકારજનક હશે અને તેને નિરંતરતાયુક્ત બનવામાં ઘણા મહિનાઓ લાગશે. જોકે તેમની એક કંટાળાજનક સ્વીકૃતિ હતી કે, તેમની પાસે ઉપરથી આવેલા નવા કાયદાને કાર્યરત કરવાના પડકારનો સામનો કરવા સિવાય કોઈ વિકલ્પ નથી.

**ન્યૂનતમ તાલીમ :** વર્ષની શરૂઆતથી, ભારતમાં પોલીસ વિભાગોએ તેમના હજારો અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવા માટે વિશાળ ક્ષમતા નિર્માણ અભિયાનો શરૂ કર્યા છે. તેઓએ ઘણી તાલીમ સામગ્રી પણ તૈયાર કરી છે, જેમાંથી કેટલીક ઓનલાઈન ઉપલબ્ધ છે. દરેક વિભાગે પોલીસ કર્મચારીઓની વિવિધ રેંક માટે અલગ-અલગ વર્ગખંડ તાલીમ સત્રો યોજ્યા છે જે લંબાઈ અને સામગ્રીમાં ભિન્ન હોય છે. પોલીસ સ્ટેશનના રેન્ક અને ફાઈલની રચના કરતા નીચલા ક્રમના કર્મચારીઓ-સબ-ઈન્સ્પેક્ટરો અને કોન્સ્ટેબલો માટે આ તાલીમ નિર્ણાયક છે. પ્રથમ માહિતી અહેવાલો, ચાર્જશીટ અને પોલીસ ડાયરીઓ દાખલ કરવાથી લઈને તપાસ હાથ ધરવા સુધીનું તેમનું તમામ કામ નવા કાયદા દ્વારા સંચાલિત થશે. જો કે, સમગ્ર દિલ્હી, હરિયાણાના ફરીદાબાદ અને ગુડગાંવ અને ઉત્તર પ્રદેશના નોઈડાના પોલીસ સ્ટેશનોમાં, સબઈન્સ્પેક્ટરો અને કોન્સ્ટેબલોએ જણાવ્યું હતું કે, તેઓએ નવા કાયદામાં તાલીમ મેળવી છે. નોઈડાના એક પોલીસ સ્ટેશનમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતા કોન્સ્ટેબલે નામ ન આપવાની વિનંતી કરતાં સ્ક્રોલને જણાવ્યું કે, તેણે એક દિવસની તાલીમ લીધી છે. દિલ્હીના બદરપુર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ગણેશ કુમારના જણાવ્યા અનુસાર, કોન્સ્ટેબલ અને સબ-ઈન્સ્પેક્ટરોને થોડા દિવસો માટે જ તાલીમ આપવામાં આવી હતી કારણ કે ‘‘૧૨મું પાસ અને મધ્યવર્તી સ્તરના વ્યક્તિઓ પાસેથી કાયદાકીય તાલીમ અનુસરવાની અપેક્ષા રાખી શકાતી નથી.’’ બાદરપુર પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર રામ કુમારે પણ સંમત થતા કહ્યું, ‘‘અમે સમય અને અનુભવ સાથે નવા કાયદા શીખીશું. આમ તણ પોલીસ દબાણ હેઠળ આવી રીતે કામ કરવા ટેવાયેલી છે.’’ ઘણા પોલીસ સ્ટેશનોએ, હકીકતમાં, તેમના ક્લેરિકલ સ્ટાફ અને કોન્સ્ટેબલરીને તાલીમ આપવાની પોતાની રીતો ઘડી કાઢી છે. દાખલા તરીકે બદરપુર પોલીસ સ્ટેશનમાં સ્ટાફને ડમી કેસ રજીસ્ટ્રેશન દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. પુરાવા તરીકે, ઈન્સ્પેક્ટર ગણેશ કુમારે, સ્ટાફ દ્વારા કરવામાં આવેલી તમામ કાર્યવાહીના રેકોર્ડ તરીકે કામ કરતી, પોલીસ સ્ટેશનની દૈનિક ડાયરી બહાર કાઢી હતી. ડાયરીમાં, દરેક ફરિયાદ અને પ્રથમ માહિતી રિપોર્ટ એન્ટ્રી માટે, ભારતીય ન્યાય સંહિતા હેઠળ કરવામાં આવેલા ગુનાઓ માટેના વિભાગ નંબરો હાલમાં કાર્યરત ભારતીય દંડ સંહિતા હેઠળના ગુનાઓના વિભાગ નંબરોની બાજુમાં કૌંસમાં લખવામાં આવ્યા હતા.

**જૂના કે નવા કાયદા ? :** જો કે, મોટાભાગના પોલીસ અધિકારીઓએ નવા કાયદાના અમલ અંગેના મૂળભૂત પ્રશ્નો અંગે મૂંઝવણ અને સ્પષ્ટતાના અભાવ સાથે વાત કરી હતી. નવા કાયદાઓને લગતા સૌથી વિવાદાસ્પદ પ્રશ્નો પૈકી એક એ છે કે, શું તેઓ પૂર્વનિર્ધારિત રીતે લાગુ થશે : એટલે કે, જો કોઈ ગુનો ૧ જુલાઈ પહેલા થયો હોય પરંતુ તેની ફરિયાદ ૧ જુલાઈના રોજ અથવા પછી કરવામાં આવી છે, તો શું પ્રથમ માહિતી અહેવાલમાં જૂની ભારતીય દંડ સંહિતા અથવા નવી ભારતીય ન્યાય સંહિતાનો ઉપયોગ કરવામાં આવશે ? આ અંગેની અનિશ્ચિતતા વરિષ્ઠ વકીલોએ દર્શાવી છે. પોલીસ અધિકારીઓ પણ આ સવાલથી અચંબામાં પડી ગયા હતા. ફરીદાબાદના પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ગણેશ કુમાર અને સ્ટેશન હાઉસ ઓફિસર, જેમણે નામ જાહેર ન કરવાની વિનંતી કરતાં જણાવ્યું હતું કે, ગુનો જે તારીખે આચરવામાં આવ્યો હતો તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. જો ૧ જુલાઈ પહેલા કોઈ ગુનો કરવામાં આવ્યો હોય, તો તેની સામે ભારતીય દંડ સંહિતા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, ઓળખ ન આપવા માંગતા, નોઈડા ફેઝ ૨ પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર ગૌરવ મલિક અને ગુડગાંવના એક પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલે કહ્યું કે, પ્રથમ માહિતી અહેવાલની નોંધણીની તારીખ મુખ્ય હતી. તેમના મતે, જો જુલાઈમાં અથવા તે પછી ફરિયાદ નોંધવામાં આવે છે, તો તેના ઉપર ભારતીય ન્યાય સંહિતા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે, ભલે ગુનો ક્યારે કરવામાં આવ્યો હોય. મોટાભાગના અન્ય પોલીસ અધિકારીઓ કે, જેની સાથે સ્ક્રોલ વાત થઈ હતી તે આ અંગે કોઈ પોઝિશન લેવામાં અસમર્થ હતા અને કહ્યું હતું કે, તેઓ આ સંદર્ભમાં ઉચ્ચ અધિકારીઓ તરફથી મળેલા આદેશો અનુસાર જ આગળ વધશે. નવા કાયદાઓ અમલમાં આવે તેના એક અઠવાડિયા પહેલા જ અરજીના આવા મૂળભૂત પ્રશ્ન અંગેની અનિશ્ચિતતા સારી નથી. ફરીદાબાદના સ્ટેશન હાઉસ ઓફિસરે આશાવાદી થઈને કહ્યું, ‘‘નવી જોગવાઈઓમાં કોઈપણ છટકબારીઓ અથવા મુશ્કેલીઓ સમયની સાથે ઉકેલાઈ જશે.’’ ઈન્સપેક્ટર ગણેશ કુમારનો નિર્ણય વધુ આધારભૂત હતો. તેમણે કહ્યું, ‘‘ઘણી વિવાદાસ્પદ અને અસ્પષ્ટ જોગવાઈઓ પર કોર્ટના અર્થઘટનની રાહ જોવી પડશે.’’ જો કે, પ્રશ્નની બહાર એ છે કે પોલીસે એક સાથે કાયદાની બે પ્રણાલીઓનું સંચાલન કરવું પડશે : જુલાઈ પહેલા નોંધાયેલા ગુનાઓ અને જુલાઈથી નોંધાયેલા ગુનાઓ માટે નવા કાયદાનો ઉપયોગ કરીને આગળ વધવું પડશે.



**વીડિયો રેકોર્ડિંગની ચિંતા :** સ્ક્રોલે અનેક પોલીસ કર્મચારીઓ દ્વારા ચિહ્નિત કરાયેલ એક પડકાર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતામાં એવી આવશ્યકતા હતી કે, ‘‘ગુનાના સ્થળે કોઈપણ શોધ કે જપ્તી અને સાક્ષી અને પીડિતાના નિવેદનો ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક માધ્યમથી પ્રાધાન્યમાં મોબાઈલ ફોન દ્વારા રેકોર્ડ કરવા જોઈએ.’’ તેમાંથી ઘણાએ કબૂલ્યું હતું કે, આવા રેકોર્ડિંગ્સ કેવી રીતે હાથ ધરવા તે અંગે તેમને કોઈ ચોક્કસ તાલીમ અથવા માર્ગદર્શન આપવામાં આવ્યું નથી. તેઓએ પ્રશ્ન કર્યો કે, તેઓ તેમના તપાસ કાર્ય સાથે એકસાથે રેકોર્ડિંગ કેવી રીતે હાથ ધરે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી અને દરરોજ તેમના ફોન ઉપર સેંકડો વીડિયો રેકોર્ડ કરવામાં વ્યવહારિક મુશ્કેલી દર્શાવી હતી. જો અમારી ફોન મેમરી રેકોર્ડિંગની મધ્યમાં સમાપ્ત થઈ જાય તો શું - આ એક સામાન્ય અવગણના હતી. સહાયક સબ-ઈન્સ્પેક્ટર મલિકે જણાવ્યું હતું, ‘‘વિડિયો રેકોર્ડિંગ માટે, વિભાગે ઉચ્ચ-ગુણવત્તાવાળા ડિજિટલ સાધનો પ્રદાન કરવા જોઈએ.’’

**ભયાવહ સંક્રમણ :** લગભગ તમામ પોલીસ અધિકારીઓ કે જેમની સાથે સ્ક્રોલ વાત કરી છે તેમણે કહ્યું કે, જૂના અને નવા કાયદાઓ વચ્ચે બહુ તફાવત નથી, માત્ર વિભાગ નંબરોને ફરીથી ગોઠવવામાં આવ્યા છે. સ્ક્રોલએ ગયા વર્ષે અહેવાલ આપ્યો હતો કે, નવા કાનૂન હાલના ફોજદારી કાયદાઓના માત્ર હળવા સંશોધિત સંસ્કરણો છે. ગણેશ કુમારે કહ્યું કે, ભારતીય ન્યાય સંહિતામાં અપરાધો માટેના સેક્શન નંબરો ભારતીય દંડ સંહિતામાં સમાન ગુનાઓ જેવા જ રાખવા જોઈએ. તેમણે કહ્યું, ‘‘નવા વિભાગ નંબરોને કારણે પોલીસ સ્ટાફમાં મૂંઝવણ થશે.’’ ફરીદાબાદના સરાઈ ખ્વાજા પોલીસ સ્ટેશનના એક સહાયક સબ ઈન્સ્પેક્ટરે નામ ન આપવાની શરતે સ્ક્રોલને જણાવ્યું કે, કોઈપણ પ્રથમ માહિતી અહેવાલો, ચાર્જશીટ અથવા ડાયરીની એન્ટ્રી લખતી વખતે નવા કાયદાના સેક્શન નંબર યાદ રાખવા માટે આગામી થોડા મહિના સુધી તેમણે પોતાના ડેસ્ક ઉપર નવા કાનૂન પુસ્તકો ખુલ્લા રાખવા પડશે. નવી સિસ્ટમમાં સંક્રમણ મુશ્કેલ હશે, મોટાભાગના પોલીસ અધિકારીઓ સ્ક્રોલ સંમત થયા હતા. ગુડગાંવના હેડ કોન્સ્ટેબલે કહ્યું, ‘‘નવી સિસ્ટમથી ટેવાયેલા થવામાં અમને ઓછામાં ઓછા છ મહિના લાગશે.’’ બે પોલીસ કર્મચારીઓએ ધ્યાન દોર્યું હતું કે, ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક્સ અને સિસ્ટમ્સ ઓનલાઈન પોર્ટલ ૨૦ જૂનના રોજ નવા ફોજદારી કાયદાની જોગવાઈઓને પ્રતિબિંબિત કરવા માટે અપડેટ કરવામાં આવ્યું નથી. પોલીસ સ્ટેશનો દ્વારા જનરેટ કરવામાં આવેલ તમામ ડેટા, તેમના દ્વારા નોંધાયેલ પ્રથમ માહિતી અહેવાલો સહિત, આ પોર્ટલ ઉપર ડિજીટલ ઉપલબ્ધ થવાનો છે. નોઈડાના આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર રેણુ કુમારે કહ્યું કે, તેમની સૌથી મોટી ચિંતા એ હતી કે સામાન્ય લોકો આ ફેરફારોથી મૂંઝવણમાં પડી શકે છે. તેમણે કહ્યું, ‘‘દરેક વ્યક્તિ ભારતીય દંડ સંહિતામાં હત્યા અને છેતરપિંડી જેવા સામાન્ય ગુનાઓ માટેની જોગવાઈઓ જાણે છે. હવે, જ્યારે અમે નવા વિભાગ નંબરોનો ઉપયોગ કરવાનું શરૂ કરીશું ત્યારે તેઓ શંકા કરીને અમને સવાલો પૂછશે.’’ આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર મલિકે સૂચવ્યું હતું કે, લોકોને નવા કાયદાઓ વિશે પણ સંવેદનશીલ બનાવવા જોઈએ. ફરીદાબાદના આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટરે કહ્યું, ‘‘સરકારે આ કાયદો બનાવ્યો છે. હવે આપણે તેનો અમલ કરવો જોઈએ.’’

---

### વય નિવૃત્ત થયા બાદ ૧૧ વાર એક્ષટેન્શન મેળવનાર અધિકારી મોદીના ખાસ મનાય છે

# ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યાલયમાંથી ૧૮ વર્ષ બાદ પાવરફુલ અધિકારી કે. કૈલાશનાથનની વિદાય

ગાંધીનગર, તા.૨

ગુજરાતના મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાશનાથનનો છ માસનો કાર્યકાળ પૂર્ણ થતાં હવે તેમને વિદાય અપાઈ છે. હાલ તેમને એકસ્ટેશન અપાયું નથી. તેઓ વર્ષ ૨૦૧૩માં વય મર્યાદાના કારણે નિવૃત થયા હતા પરંતુ ત્યારબાદ સતત ૧૧ વર્ષ સુધી કરાર આધારિત સેવા ગુજરાતના વહીવટી તંત્રને આપી હતી. જો કે ફરી તેમનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે ત્યારે અંતિમ દિવસ પહેલાં રાજ્ય સરકાર તરફથી તેમને વિદાય અપાઈ છે. ૩૦મી જૂનના રોજ કૈલાસનાથનને અપાયેલા એક્સસ્ટેશનનો છેલ્લો દિવસ હતો. જો કે, ૩૦ જૂન ૨૦૨૪ ના ફરી તેમનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે ત્યારે અંતિમ દિવસ પહેલાં રાજ્ય સરકાર તરફથી તેમને વિદાય અપાઈ છે. આ સમયે તેમનો પરિવાર અને અધિકારીઓ હાજર રહ્યા હતા, પરંતુ કોઈ મંત્રીઓ નજરે ચઢ્યા ન હતા. કે. કૈલાશનાથન ગુજરાત કેડરના ૧૯૭૯ બેચના IAS અધિકારી હતા. વર્ષ ૨૦૦૯થી તેઓ સીએમઓમાં ફરજ બજાવતા હતા. કે. કૈલાશનાથન ૨૦૧૩માં સીએમઓમાં અધિક મુખ્ય સચિવ તરીકે નિવૃત થયા હતા. તેઓ સીએમઓમાં સૌથી પાવરફૂલ અધિકારી હતા જેથી ૧૧ વર્ષ પહેલાં નિવૃત થઈ ગયા હોવા છતાં સરકાર સ્પેશિયલ કેસમાં તેમની નિયુક્તિ વધારી રહી હતી. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાસ ગણવામાં આવે છે. તેમને CMO અને PMOની મુખ્ય કડી ગણવામાં આવતા હતા. ગુજરાતમાં ચાર મુખ્યમંત્રીઓ બદલાઈ ગયા પરંતુ મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ તરીકે કે. કૈલાશનાથન જ રહ્યા હતા. કહેવામાં આવે છે. કે.કે. તરીકે જાણીતા કૈલાશનાથન ચાર મુખ્યમંત્રી સાથે કામ કરી ચૂક્યા છે. તેઓ ૨૦૦૬થી અત્યારસુધી મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા હતા. આ દરમ્યાન ગુજરાતના ચાર મુખ્યમંત્રી એવા નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ, વિજય રૂપાણી અને ભૂપેન્દ્ર પટેલ સાથે કામ કર્યું હતું. માત્ર એટલું જ નહીં, તેમને ઈતિહાસમાં સૌથી વધુ ૧૧ વખત એક્સટેન્શન મળ્યું હતું. કે. કૈલાશનાથને ૧૯૮૧માં સહાયક કલેક્ટર તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ ૧૯૮૫માં સુરેન્દ્રનગર અને ૧૯૮૭માં સુરતના કલેક્ટર હતા. જ્યારે ૧૯૯૯થી ૨૦૦૧ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર પણ હતા. બીઆરટીએસ પ્રોજેક્ટની સ્ટીયરિંગ કમિટીના ચેરમેન તરીકે તેમની કારકિર્દીનું બીજી મહત્ત્વની પોસ્ટિંગ હતી.

---

# બંગાળના રાજ્યપાલે મમતા બેનરજી વિરૂદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો



(એજન્સી) તા.૨

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોસે કલકત્તા હાઈકોર્ટમાં મુખ્યમંત્રી મમતા બેનરજી વિરૂદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. માત્ર એક દિવસ પહેલા તેમણે જણાવ્યું કે મહિલાઓએ તેમને ફરિયાદ કરી હતી કે તેઓ રાજભવનમાં થતી ગતિવિધિઓને કારણે ત્યાં જવાથી ડરે છે. મિસ્ટર બોસે દિવસની શરૂઆતમાં બેનરજીની ટિપ્પણીની ટીકા કરી અને જણાવ્યું કે જનપ્રતિનિધિઓ ‘ખોટી અને બદનક્ષીભરી છાપ’ ઉભી ન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. બંગાળના રાજ્યપાલે પણ ટીએમસીના કેટલાક નેતાઓ સામે આવી જ ટિપ્પણી કરવા બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. રાજ્ય સચિવાલયમાં એક વહીવટી બેઠક દરમ્યાન શ્રીમતી બેનરજીએ દાવો કર્યો કે ‘મહિલાઓએ તેમને જણાવ્યું છે કે રાજભવનમાં તાજેતરની ઘટનાઓને કારણે તેઓ ત્યાં જવાથી ડરે છે.’ સૂત્રોએ જણાવ્યું કે ગવર્નર સીવી આનંદ બોસે કલકત્તા હાઈકોર્ટમાં જઈને મુખ્યમંત્રી મમતા બેનરજી અને તેમના પક્ષના નેતાઓ સામે તેમની ટિપ્પણી બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. ૨ મે ના રોજ રાજભવનની એક કોન્ટ્રાક્ટવાળી મહિલા કર્મચારીએ બોસ ઉપર છેડતીનો આરોપ લગાવ્યો હતો, ત્યારબાદ કોલકાતા પોલીસે પણ તપાસ શરૂ કરી હતી. જ્યારે TMC રાજ્યસભાના સાંસદ ડોલા સેનનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું કે તે પાર્ટીના નેતૃત્વ સાથે ચર્ચા કર્યા વિના આ મુદ્દે ટિપ્પણી કરી શકશે નહીં. ડોલા સેને જણાવ્યું કે, ‘વાસ્તવમાં શું થયું તે જાણવા માટે મારે મારા પક્ષના નેતૃત્વ સાથે વાત કરવી પડશે. તે ખૂબ જ સંવેદનશીલ મામલો છે.’ ભાજપના વરિષ્ઠ નેતા રાહુલ સિન્હાએ જણાવ્યું કે બોસે યોગ્ય નિર્ણય લીધો. સિંહાએ જણાવ્યું કે, ‘મને લાગે છે કે રાજ્યપાલ બોસે સાચો નિર્ણય લીધો છે. તેમણે આ નિર્ણય ઘણો વહેલો લઈ લેવો જોઈતો હતો. આ માટે હું તેમને સંપૂર્ણ સમર્થન આપું છું.’ સીપીઆઈ (એમ)ના વરિષ્ઠ નેતા સુજન ચક્રવર્તીએ કહ્યું કે બોસ અને બેનરજી વચ્ચેના ઝઘડાથી રાજ્યને કોઈ ફાયદો થઈ રહ્યો નથી. ચક્રવર્તીએ જણાવ્યું કે, આ ખરેખર અમને નીચે લઈ જઈ રહ્યું છે. એવું લાગે છે કે તેઓ તેમની બંધારણીય જવાબદારીઓ ભૂલી ગયા છે. તેમના કાર્યો રાષ્ટ્રીય સ્તરે પશ્ચિમ બંગાળની છબીને નુકસાન પહોંચાડી રહ્યા છે.

---

# જિયો, એરટેલ અને વોડાફોન દ્વારા ટેરિફમાં વધારા પછી ભારતીયોને વધારાના રૂા.૪૭,૫૦૦ કરોડ ખર્ચવા પડશે : કોટક

નવી દિલ્હી, તા. ૨

કોટક ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝ રિસર્ચ નોટને ટાંકીને ઈકોનોમિક ટાઈમ્સે લખ્યું છે કે, ભારતના ટોચના ૩ ટેલિકોમ ઓપરેટરો દ્વારા ટેરિફમાં વધારાને કારણે ભારતીય ગ્રાહકો વાર્ષિક રૂા.૪૭,૫૦૦ કરોડનો વધારાનો ખર્ચ કરવો પડે તેવી અપેક્ષા છે. આ ટેરિફ વધારો તેમની નવી ૫જી સેવાઓનું અસરકારક રીતે મુદ્રીકરણ કરવા અને ટેલિકોમ ઓપરેટરો વચ્ચે ૨૦૧૬થી ચાલી રહેલા ભાવ યુદ્ધને સમાપ્ત કરવા માટે કરવામાં આવ્યો હતો.

જિયો, એરટેલ અને વોડાફોન દ્વારા ટેરિફમાં કેટલો વધારો કરવામાં આવ્યો ?

રિલાયન્સ જિયોએ ૧૩%-૨૭% ભાવ વધાર્યા, ભારતી એરટેલે ૧૦%-૨૧% ટેરિફ વધાર્યા અને વોડાફોન આઈડિયાએ લગભગ ૧૦-૨૩% ભાવ વધાર્યા, આ બધું બે દિવસના ગાળામાં થયું છે. 5S ડેટા પ્લાન ઈચ્છતા જીયો ગ્રાહકે હવે ૧.૫ જીબી પ્રતિ દિવસના અગાઉના રૂા.૨૩૯ના પેકને બદલે ૨જીબી એક દિવસના પેક માટે ઓછામાં ઓછા રૂ.૩૪૯ ચૂકવવા પડશે. ૫જી ઈચ્છતા એરટેલ ગ્રાહકે હવે એક દિવસ પહેલાના ૧.૫ જીબી સાથે રૂા.૨૩૯ના પેકને બદલે ૨.૫ જીબી ડેટા સાથે રૂા.૪૦૯ ચુકવવા પડશે.

**Jio, Airtel અને Vodafone દ્વારા ટેરિફ કેમ વધારાયા ?**

ભારતી એરટેલના એમડી ગોપાલ વિટ્ટલ તેમજ વોડાફોન આઈડિયાના સીઈઓ અક્ષય મૂન્દ્રાએ ઘણી વખત ભારતની ટેલિકોમ પરિસ્થિતિ વિશે વાત કરી હતી જેમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે કિંમતનું માળખું વૈશ્વિક ધોરણમાં બદલવું પડશે જ્યાં વપરાશકર્તાઓ વધુ ડેટાનો ઉપયોગ કરવા માટે વધુ ચૂકવણી કરે છે, જ્યારે ભારતમાં વપરાશકર્તાઓ સરેરાશ વપરાશને ધ્યાનમાં લીધા વિના હાલમાં સમાન ચૂકવણી કરે છે. ભારતના ટેલિકોમ પ્રાઈસ વોર Jio દ્વારા સબ્સ્ક્રાઈબર્સ લાવવા માટે નીચી કિંમતોનો ઉપયોગ કરીને શરૂ કરવામાં આવી હતી જે એરટેલ અને વોડાફોન જેવા સ્પર્ધકોને તેમના ગ્રાહકોને ગુમાવવાનું જોખમ ન લેવા માટે આવું કરવા તરફ દોરી જાય છે

---

# જૂની પેન્શન યોજનાના અમલને લઈને ફરી સંગઠનો આક્રમક બનશે

## ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ઠરાવ બહાર પાડતા રાજ્યમાં પણ અમલની માંગ






અમદાવાદ,તા.૨

ગુજરાતમાં જૂની પેન્શન યોજનાના અમલનુ ભૂત ફરી ધુણવા લાગ્યું છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જૂની પેન્શન યોજનાને લઈને ઠરાવ બહાર પાડ્યા બાદ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી ૨૦૦૫ પહેલા નિમણુંક પામેલા શિક્ષકો તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવાનો ઠરાવ બહાર પાડવા ભલામણ કરી છે. વિધાનસભાની ચૂંટણી પહેલા જૂની પેન્શન યોજનાને લઈને શરૂ થયેલા આંદોલનના પગલે પાંચ મંત્રીઓની કમિટી સમક્ષ સમાધાન થયું હતું. જોકે, ત્યારબાદ હજુ સુધી ઠરાવ બહાર પડાયો ન હોવાથી સંગઠનો આક્રમક વલણ અપનાવવાની તૈયારી કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત ઘણા લાંબા સમયથી તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માંગ કરી રહ્યું છે. જે અન્વયે વખતો વખત વિવિધ રજૂઆત તથા આંદોલન પણ થયા છે. ગત વિધાનસભાની ચૂંટણી પહેલા શૈક્ષિક મહાસંઘ તથા અન્ય સંગઠનો દ્વારા મોટાપાયે આંદોલન કર્યું હતું. જેના પગલે સરકાર દ્વારા નિયુક્ત પાંચ મંત્રીઓના સમૂહ સાથે વાટાઘાટો બાદ ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલાં નિમણૂંક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવેશ કરવા તથા અન્ય બાબતો ઉપર સમાધાન થયું હતું. શૈક્ષિક મહાસંઘની માંગણી તમામ શિક્ષકો અને કર્મચારીઓને ઓલ્ડ પેન્શન યોજનામાં સમાવેશ કરવાની છે. પરંતુ સમાધાન સમયે સરકાર દ્વારા સ્વીકારેલા ૨૦૦૫ પહેલાંનો આજ દિન સુધી ઠરાવ ન થતા શિક્ષકો તથા કર્મચારીઓમાં આક્રોશ ફેલાયો છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ૨૦૦૫ પહેલા નિમણૂંક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા ઠરાવ કરવામાં આવ્યો છે. આમ, કેન્દ્ર સરકાર ઉપરાંત ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્રમાં સરકાર દ્વારા જો આ લાભ શિક્ષક તથા કર્મચારીઓને આપવામાં આવતો હોય તો ભારતીય જનતા પાર્ટી શાસિત ગુજરાતના શિક્ષક તથા કર્મચારીઓના હિતમાં આ બાબતોને ધ્યાને લઈ વિધાનસભા ચૂંટણી પહેલા થયેલા સમાધાન અનુસાર ૧ એપ્રિલ, ૨૦૦૫ પહેલા નિમણૂંક પામેલા શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવાનો ઠરાવ બહાર પાડવામાં આવે તેવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા માંગણી કરવામાં આવી છે.

# ગીર સોમનાથ પોલીસ વ્યાજખોરોના ત્રાસનો અંત લાવવા કટીબધ્ધ છે

## સોમનાથ ખાતે પોલીસની પ્રજાજનો સાથે વ્યાજખોરી અને નવા કાયદાની જાણકારી અંગે સેમીનાર યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨

સોમનાથ પ્રભાસ પાટણ રામ મંદિર ઓડીટોરીયમ ખાતે વેરાવળના નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગારના અધ્યક્ષપદે વેરાવળ, પાટણ અને સોમનાથ મરીન પોલીસ તંત્ર તરફથી વ્યાજખોરીના ત્રાસથી બચવા અને આજથી જે નવા કાયદા અમલમાં આવ્યા છે તેની જાણકારી માટે સેમીનાર યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગારે જણાવ્યું હતું કે, એકવાર વ્યાજના ચુંગાલમાં ફસાયા પછી વ્યાજે લેનારને અને તેના પરિવારજનોને બહુજ હાલાકીનો સામનો કરવો પડે છે. આ માટે અધિકૃત બેંકો અને સરકારી લાયસન્સ ધારક પાસેથીજ લોન મેળવો સાથો સાથ નાણાકીય લેતી દેતી વખતે અદ્યતન ટેકનોલોજી ઓડીયો, વિડીયો, વોટ્સએપ ઉપયોગ થયેલ હશે તો પુરાવાને બળ મળશે.

પોલીસ તંત્રએ મદદરૂપ થઈ હાલમાં જ પાંચ જરૂરીયાતમંદોને સરકાર માન્ય બેંકમાંથી રૂ.સાડા બાર લાખ જેવી રકમ લોન અપાવી છે. જે લોન મેળવનાર લોકોનું ગઈકાલે સ્ટેજ ઉપરથી મંજુરીપત્રો એનાયત કરાયા હતા. ડીજીપી-સરકારી વકીલ કેતનસિંહ વાળાએ સંબોધનમાં જણાવ્યું હતું કે, આજથી અમલી બનનારા નવા કાયદાને કારણે તારીખ પે તારીખ હવે ભુતકાળ બનશે અને ઝડપી ન્યાય મળશે. સાથો સાથ ન્યાય સરળ અને સહજ બનશે તેમજ સુધારેલા કાયદામાં એફએસએલને ખુબજ મહત્વ આપવામાં આવેલ છે. જેથી પોલીસ તપાસ અને ન્યાયતંત્ર રોકેટ યુગે પ્રારંભ સમાન ગણી શકાય.

કાર્યક્રમનું સંકલન અને વ્યવસ્થા એલસીબી પીઆઈ એ.બી. જાડેજા, પ્રભાસ પાટણ પીઆઈ એમ.વી. પટેલ, વેરાવળના પીઆઈ એચ.આર. ગોસ્વામી, એસઓજી પીઆઈ ગઢવી તથા પ્રભાસ પાટણ-વેરાવળ અને મરીન પોલીસ સ્ટાફે ગોઠવી હતી.

કાર્યક્રમના સ્થળે જે લોકોને વ્યાજખોરો સામે ફરીયાદ કરવી હોય તો તેની વ્યવસ્થા પણ કરાઈ હતી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ સ્ટેટ બેંકના મુખ્ય અધિકારી જગદીશ ઝવેરીએ બેંક તરફથી મળતી વિવિધ લોનની જાણકારી આપી હતી. આ સમારોહમાં નગરપાલિકા પ્રમુખ પલ્લવીબેન જાની, ભાજપ અગ્રણી ઝવેરી ઠકરાર, મહેન્દ્ર પીઠીયા, વેરાવળના અગ્રણી મુકેશ ચોલેરા, અનીષ રાચ્છ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા.

## કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાનું સ્વાગત કરાશે

જૂનાગઢ તા. ૨

કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના હિન્દુ મુસ્લિમ આગેવાનો દ્વારા તા.૭-૭-૨૪ ને રવિવારના રોજ બપોરે ૩-૩૦ કલાકે કાર્યાલયની ઓફીસ જવાહર રોડ સેજના ઓટા પાસે ભગવાનશ્રી જગન્નાથજીની રથયાત્રાનું ગુલાબના ફુલોથી સ્વાગત કરવામાં આવશે. આ પ્રસંગે અગ્રણી બટુકભાઈ મકવાણા જીસાનભાઈ એડવોકેટ અશ્વીનભાઈ મણીયાર, સોહેલ સિદીકી, વહાબભાઈ કુરેશી, ડી. કે. વાઘેલા, કાસમભાઈ જુણેજા, મનોજભાઈ ભટ્ટ, હાજી હાજીભાઈ ઠેબા, મુન્નાબાપુ કાદરી, પ્રફુલભાઈ કાલરીયા, કાદુભાઈ વાઘેલા, ફીરોઝભાઈ શેખ, રમેશભાઈ વાજા, ઉંમરભાઈ હાલેપૌત્રા, ધીરૂબાપુ વાઘેલા, સમજુભાઈ સોલંકી અને મહેશભાઈ વાઘેલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી રથયાત્રાનું સ્વાગત કરશે. તેમજ આ પ્રસંગે હિન્દુ મુસ્લિમ બિરાદરોને પધારવા એક યાદીમાં નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ગાંગડા ગામે શિકાર કરવા જતી સિંહણ ગાય સાથે કુવામાં પડી



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા. ૨

ઊના તાલુકાના ગાંગડા ગામની સીમમાં માલણ નદીના કાંઠે રહેણાંક વિસ્તારમાં ભાણાભાઈ ભીમભાઈ સિંધવના કૂવા પાસે રેઢિયાળ ગાય ચરતી હતી ત્યારે એક પુખ્ત ઉંમરની સિંહણ ગાયનો શિકાર કરવા તેની પાછળ પડતા ગાય માતા જીવ બચાવવા ભગવા જતા અકસ્માતે કૂવાની અંદર પડેલ અને સિંહણ પણ તેની સાથે કૂવામાં પડતા લોકોને જાણ થતાં તુરંત ગીર પૂર્વ વન વિભાગ જશાધાર રેન્જની કચેરીને જાણ કરતા વન વિભાગની રેસ્કયું ટીમ તુરંત આવી દોરડા વડે સિંહણને સલામત બહાર કાઢી પાંજરે પુરી હતી અને તેને જશાધાર ગીર વન વિભાગના એનિમલ કેર સેન્ટરમાં દેખરેખ હેઠળ રાખેલ છે. તેમજ ગાય માતાને પણ કૂવામાંથી બહાર કાઢેલ પરંતુ તે મૃત્યુ પામેલ હતી. અને ગાય માતાના શરીર ઉપર સિંહણના પંજાના નિશાન જોવા મળેલ હતા.

## નશામુક્તિ અંગે ખાનગી શાળાની વિદ્યાર્થીનીએ આપેલ તલસ્પર્શી વકતવ્ય



જૂનાગઢ તા. ૨

જૂનાગઢ શહેરની એક ખાનગી શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની શકીનાબાનુએ નશામુક્તિ અંગે આપેલ વકતવ્ય દરેકને સ્પર્શી ગયુ હતું. ગત તા. ૨૬ જૂનના દિવસે શહેરની એક ખાનગી શાળામાં યોજાયેલ નશામુક્તિ અંગેના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ નશામુક્તિ અંગે વ્યકત કરેલા અભિપ્રાયોમાં જૂનાગઢના સામાજીક આગેવાન શબ્બીર હુશેન કાદરી અને ઓરેફાબાનુની પુત્રી શકીનાબાનુએ નશામુક્તિ અંગે તલસ્પર્શી વકતવ્ય આપ્યું હતું તે બદલ મધુર સોશ્યલ ગૃપના પ્રમુખ સલીમભાઈ ગુજરાતી અને શાળા સંચાલકોએ વિદ્યાર્થીનીને અભિનંદન આપીને બીરદાવી હતી.



ભાગ્યવાન, સ્વચ્છ ભારત અભિયાન શરૂ થયા પછી તેં નિયમીત નખ કાપવાનું શરૂ કર્યુ ત્યારથી તારી બનાવેલી ચા-રસોઈ વધારે સ્વાદિષ્ટ લાગવા માંડી છે!



પ્રોફેસર સાહેબ,
અભ્યાસક્રમના પાઠો સાથે વિદ્યાર્થીઓને સ્વચ્છતાના પાઠ ભણાવવાના શરૂ કરો.!

# જૂનાગઢથી અમરનાથ જવા માટે યાત્રીકોનું પ્રથમ જુથ રવાના થયું

જૂનાગઢ તા. ૨

બાબા-બરફાનીના દર્શન કરવા માટે અમરનાથ યાત્રીકો થનગની રહયા હતા અને આ યાત્રા શરૂ થઈ ગઈ છે. ત્યારે જૂનાગઢથી બાબા અમરનાથ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ભોલેનાથ ગૃપ દ્વારા યાત્રીકોનું પ્રથમ જુથ અમરનાથ જવા માટે ટ્રસ્ટ તથા ભોલેનાથ ગૃપ દ્વારા આજરોજ સવારે શુભેશ્વર મહાદેવ મંદીર, ખલીલપુર રોડ, જૂનાગઢથી રવાના થયેલ છે. દર વર્ષે વધારેમાં વધારે યાત્રીકો અમરનાથ યાત્ર તરફ વળે તે માટે આ સંસ્થાઓ કાર્યરત છે. બહારગામના લોકો પણ આ ગૃપમાં જોડાતા હોય છે. તે રીતે રાજકોટ, અમદાવાદ, ધોરાજી, સુરત, નડીયાદથી પણ લોકો જોડાય છે. રાજકોટથી ૯-૪૫ ની ટ્રેનમાં તમામ યાત્રીકો રવાના થયેલ છે. આ યાત્રાની મુખ્ય વિશિષ્ટતા એ છે કે, કબુલભાઈ વાઘેલા, ભરતભાઈ રામાણી તથા તેમની ટીમ દ્વારા દર વર્ષે ઘણાંખરા અન્નક્ષેત્રોમાં (ભંડારામાં) ચીકી, અથાણા, ચાની ભુકકી તથા ખારી સીંગ મોકલવામાં આવે છે. તે પૈકી આ વર્ષે ૨૬૫૦ કીલો ચીકી, કેરીનો છુંદો તથા લીંબુનુ અથાણુ-૧૨૦૦ કીલો, ચણા-મેથીનું અથાણુ ૨૫૦ કીલો, ૨૨૫ કીલો સીંગ તથા ચાની ભુકી જમ્મુથી લઈ પોષપત્રી સુધીના કુલ ૧૭ ભંડારાઓને જૂનાગઢથી દાતાઓના સહકારથી મોકલવામાં આવેલ છે. આ મંડળનો એક હેતુ એ જ છે કે, વધુમાં વધુ લોકો બાબા બરફાનીના દર્શન કરે અને યાત્રાળુઓને વધારેમાં વધારે મદદરૂપ થઈ શકાય.

## પબુભા માણેકએ ૫ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લીધો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨

ભારતમાં ઉતરોતર તાપમાનનું વધવું અને કુદરતી આફતો આવવી એ માનવજાત ઉપરાંત જીવસૃષ્ટિ ઉપર અને આવનારી પેઢી ઉપર મોટો ખતરો છે. આ ખતરાથી બચવા વધુને વધુ વૃક્ષો વાવવા આવશ્યક છે તેમ પબુભા માણેકએ જણાવ્યું હતું. સ્થાનિક વાતાવરણને અનુકૂળ દશ જાતનાં વૃક્ષોનાં વાવેતર બાદ તેનાં ઉછેરનો સંકલ્પ પબુભાએ કર્યો છે.

## ગીર સોમનાથ જીલ્લાના ૧૨૩ અમરનાથ યાત્રિકોએ સિવીલ હોસ્પિટલમાંથી મેડીકલ ફીટનેશ મેળવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨

બર્ફીલા બાબા અમરનાથ યાત્રાએ સોમનાથ-વેરાવળના ૧૨૩ ભાવિકો અમરનાથ યાત્રાએ પહોંચ્યા છે. આ યાત્રામાં રજીસ્ટ્રેશન કરાવતા પહેલા સિવીલ હોસ્પિટલ વેરાવળ ખાતેથી મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ મેળવવું જરૂરી છે.

આ અંગે હોસ્પિટલમાં તા.૧૩ એપ્રિલ ૨૦૨૪ થી યાત્રાએ જવા ઈચ્છુક ભાવિકોને ધારા-ધોરણ અનુસાર ચેકઅપ ફીટનેશ સર્ટીફીકેટ ઈશ્યુ કરવાનો પ્રારંભ કરાયો હતો. જેમાં તા.૧-૭-૨૪ સુધીમાં કુલ ૧૨૩ ભાવિકોએ ફીટનેશ સર્ટીફીકેટ મેળવી રજીસ્ટ્રેશન કરાવી યાત્રા પ્રસ્થાન પ્રયાણ કરેલ છે.

આગામી તા.૧૮ ઓગષ્ટ સુધી ચાલનારી આ યાત્રા બાલતાલ અને પહેલાગાંવથી સરકારે નકકી કરેલા જથ્થા-સંખ્યા સાથે તબકકાવાર આગળ વધવા દેવાય છે. યાત્રાનો ગત તા.૨૯ જુનથી પ્રારંભ થઈ ચુકેલ છે.

બરફના પહાડ અને પ્રાકૃતિક સૌંદર્ય સાથે ભગવાન ભોલાનાથના દર્શનના પુણ્યનો આનંદ અને પ્રાકૃતિક સૌંદર્ય સાથે ભક્તિયાત્રા કરવા અને પુણ્યનું ભાથું બાંધવા પ્રતિવર્ષ દેશભરના ભાવિકો યાત્રાએ ઉમટે છે.

# બંસલ વાયર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો રૂા. ૭,૪૫૦ મિલિયનનો આઈપીઓ બુધવાર, ૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે




અમદાવાદ, તા. ૨

૨૦૨૪ના રોજ ઈક્વિટી શેર્સના તેના પબ્લિક ઈશ્યૂના સંદર્ભે તેની બિડ/ઈશ્યૂ ખોલશે. (પ્રત્યેક રૂા. ૫ની ફેસ વેલ્યુના) ઈક્વિટી શેર્સની કુલ ઈશ્યૂ સાઈઝમાં રૂા. ૭,૪૫૦ મિલિયન સુધીના (કુલ ઈશ્યૂ સાઈઝ) મૂલ્યના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે.। એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૨ જુલાઈ, ૨૦૨૪ રહેશે. બિડ/ઈશ્યૂ બુધવાર, ૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે અને શુક્રવાર, ૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ બંધ થશે. ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂા. ૨૪૩થી રૂા. ૨૫૬ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૫૮ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૫૮ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે. કંપની ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી કુલ આવકનો ઉપયોગ આ પ્રમાણે કરવા ધારે છેઃ (૧) અમારી કંપની દ્વારા લેવાયેલા અંદાજિત રૂા.૪,૫૨૬.૮૩ મિલિયનના કેટલાક ઉછીના નાણાંની પૂર્વચૂકવણી કે પુનઃચૂકવણી માટે, (૨) રૂા.૯૩૭.૦૮ મિલિયન જેટલા તેના બાકીના દેવા પૈકીની તમામ અથવા આંશિક પુનઃચૂકવણી કે પૂર્વચૂકવણી માટે અમારી પેટાકંપનીમાં રોકાણ, (૩) અમારી કંપનીની કાર્યશીલ મૂડી જરૂરિયાતોને રૂ. ૬૦૦ મિલિયન જેટલું ફંડ પૂરું પાડવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે (ઈશ્યૂનો હેતુ). આ ઈક્વિટી શેર નવી દિલ્હી (''આરએચપી'') ખાતે કંપનીના રજિસ્ટ્રાર, દિલ્હી અને હરિયાણામાં ફાઈલ કરાયેલ તારીખ ૨૭ જૂન, ૨૦૨૪ના રોજ કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા જારી કરવામાં આવી રહ્યા છે અને બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (''એનએસઈ'') ઉપર લિસ્ટિંગ કરવાની યોજના છે. આ ઈશ્યૂ સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચેલા અને સુધારેલા મુજબ ૧૯૫૭ના સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન્સ) રૂલ્સના નિયમ ૧૯(૨)(બી)ની શરતોમાં કરવામાં આવી રહ્યો છે. સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના અનુપાલનમાં બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા આ ઈશ્યૂ ઓફર કરવામાં આવી રહ્યો છે, જેમાં સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૨(૧)માં ઓફરના મહત્તમ ૫૦ ટકા ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઈબી અને આવો હિસ્સો ક્યુઆઈબી પોર્શન)ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે જેમાં અમારી કંપની બીઆરએલએમ સાથે ચર્ચા કરીને એન્કર ઈન્વેસ્ટર્સને ક્યુઆઈબી પોર્શનના ૬૦ ટકા સુધી સેબી આઈસીડીઆર નિયમનોના અનુસંધાનમાં વિવેકાધીન ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સ (એન્કર ઈન્વેસ્ટર પોર્શન) ને ફાળવી શકે છે જે પૈકી કમસે કમ એક તૃત્યાંશ ભાગ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રહેશે જે એક્ર ઈન્વેસ્ટર્સને ફાળવાયા હોય તે અથવા તેનાથી વધુ કિંમતે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ તરફથી મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એક્ર ઈન્વેસ્ટર પોર્શનમાં અંડર સબ્સ્ક્રીપ્શન કે નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઈક્વિટી શેર્સ નેટ ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે.

## ઉના પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને લઈ જતી છકડો રીક્ષાના ચાલક સામે કાર્યવાહી કરાઈ



ઉના તા. ૨

ગીર સોમનાથ જિલ્લાના પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની સૂચનાથી ઊના પોલીસ સ્ટેશનના પી.આઈ. મહેન્દ્રસિંહ રાણા અને પી.એસ.આઈ. જી.એન. કાછડ, ટ્રાફિક પોલીસના એ.એસ.આઈ. ભરતભાઈ, પોલીસ હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ સહિતના સ્ટાફે હાઈવે રોડ ઉપર વાહન ચેક કરતા માલ વાહક છકડો રિક્ષામાં સ્કુલના બાળકોને અને પેસેન્જરને બેસાડી લઈ જતા રિક્ષા ચાલક સામે ૨૭૯ મુજબ ગુનો દાખલ કરેલ અને એક રિક્ષા ચાલક રોંગ સાઈડમાં રિક્ષા ચલાવતો હોય તેની સામે તેમજ જે માતા અને પિતા અને વાલીઓ પોતાના સગીર વયના બાળકોને સ્કૂટર કે મોટર સાયકલ ચલાવવા આપતા હોય તેવા બાળકોને રોકી તેમના વાલીઓને બોલાવી સગીર વયના બાળકોને વાહન ચલાવવા ના આપવું જોઈએ અને જો પકડાશે તો વાલી અને માતા- પિતા સામે કાયદેસરની કાર્યવાહી કરીશું તેવી સૂચના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ રાણાએ આપી લોકોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા જણાવ્યું હતું.

# માંગરોળ નગરપાલીકાના સફાઈકર્મીઓએ વિવિધ માંગણીઓને પોરબંદર-વેરાવળ હાઈવે પર ચક્કાજામ કર્યો : પોલીસ સમજાવટથી મામલો થાળે પડયો




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨

માંગરોળ નગરપાલિકાના સફાઈકર્મીઓએ પોતાની માંગણીઓને લઈને આક્રમક રૂખ અપનાવી ભારે સૂત્રોચ્ચાર સાથે પોરબંદર - વેરાવળ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધો હતો. જો કે પોલીસે દોડી જઈ સમજાવટથી મામલો થાળે પાડયો હતો. પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો હજુ પણ ઉગ્ર આંદોલનની ચિમકી આપવામાં આવી છે.

નગર સેવા સદનમાં આઉટસૉર્સિંગ હેઠળ ફરજ બજાવતા સફાઈ કામદારોનો ત્રણેક માસનો પગાર ચૂકવાયો નથી. આ ઉપરાંત કોન્ટ્રાક્ટ પ્રથા નાબુદ કરવા તેમજ લઘુતમ વેતન સહિતની માંગણીઓ બાબતે ૬૫ થી ૭૦ જેટલા કર્મીઓ છેલ્લા વિસેક દિવસથી હડતાળ પર ઉતર્યા છે. પરિણામે શહેરની સફાઈ વ્યવસ્થા ખોરંભાઈ ગઈ છે. અનેક વિસ્તારોમાં ગંદકીના ગંજ ખડકાયા છે. આ સફાઈકર્મીઓએ કચેરીમાં જ પડાવ નાંખી આંદોલનનો માર્ગ અપનાવી હડતાળ પર ઉતર્યા છે. તંત્રને ઢંઢોળવા તાજેતરમાં શહેરમાં રેલી પણ યોજી હતી. દરમ્યાન આજે ન.પા.એ બહોળી સંખ્યામાં એકત્ર થયેલા સફાઈ કર્મચારીઓ "નગર પાલિકા હાય...હાય", "હમારી માંગે પુરી કરો"ના સૂત્રોચ્ચાર સાથે રેલી સ્વરૂપે કેશોદ ચોકડીએ પહોંચ્યા હતા. જ્યાં રસ્તા પર બેસી ગયા હતા. ત્યારબાદ સાંકળ રચી હાઈવે બ્લોક કરી દેતા ચાલકોને વાહન થંભાવી દેવાની ફરજ પડી હતી. દરમ્યાન સીપીઆઈ મંધરા, પીએસઆઈ ડામોર સહિતના પોલીસ સ્ટાફે સમજાવતા સફાઈકર્મીઓએ રસ્તા રોકો આંદોલન પડતું મુક્યું હતું. આગામી દિવસોમાં માંગણીઓ નહીં સંતોષાય તો હજુ પણ ઉગ્ર આંદોલનની ચિમકી આપવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ત્રણથી દશ ઈંચ વરસાદ બાદ મેઘરાજાએ વિરામ લીધો




(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં ત્રણથી દસ ઈંચ સુધીના વરસાદ બાદ ગતરાત્રીથી મેઘ વિરામ રહ્યો છે. ૨૪ કલાક દરમિયાન કલ્યાણપુરમાં ૬ ઈંચ, ખંભાળિયામાં સાડા ચાર, દ્વારકામાં સવા ત્રણ ઈંચ અને ભાણવડમાં ત્રણ ઈંચ વરસાદ વરસી જવા પામ્યો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે પ્રારંભથી જ મેઘરાજા ખંભાળિયા તાલુકા પર મહેરબાન રહ્યા છે. ત્યારે ખંભાળિયા તાલુકામાં ગઈકાલે દિવસ દરમિયાન અવિરત રીતે ભારે ઝાપટા વરસ્યા હતા. આજે સવાર સુધીમાં વધુ ૧૦૮ મી.મી. (સાડા ચાર ઈંચ) વરસાદ વરસી ગયો હતો. ગતરાત્રીથી ખંભાળિયા તાલુકામાં મેઘરાજાએ પોરો ખાધો હતો. આજે સવારથી વાદળ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને વધુ વરસાદની સંભાવનાઓ જોવા મળી રહી છે.

ગઈકાલે સોમવારે કલ્યાણપુર તાલુકામાં મેઘરાજાએ જાણે મુકામ રાખ્યો હોય તેમ ગઈકાલે દિવસ દરમિયાન સમગ્ર તાલુકામાં જોરદાર વરસાદ વરસ્યો હતો. જેમાં રાત્રિ સુધીમાં કુલ ૬ ઈંચ જેટલું (૧૪૩ મી.મી.) પાણી પડી ગયું હતું.

દ્વારકા વિસ્તારમાં પણ આ વર્ષે ચોમાસુ ધોધમાર બની રહ્યું હતું. રવિવારે રાત્રીથી શરૂ થયેલી મેઘ સવારી ગઈકાલે સોમવારે પણ હળવા તથા ભારે ઝાપટા રૂપે ચાલુ રહી હતી. જેમાં આજે સવાર સુધીમાં વધુ ૮૧ મી.મી. પાણી પડી ગયું હતું.

ભાણવડ પંથકમાં ગત સાંજે એક ઈંચ તથા રાત્રે દોઢ ઈંચ સહિત કુલ ૩ ઈંચ (૭૫ મી.મી.) વરસાદ વરસી ગયાનું નોંધાયું છે.

ખંભાળિયા પંથકમાં છેલ્લા બે દિવસના આ ધોધમાર વરસાદના કારણે ખંભાળિયા શહેરને પીવાનું પાણી તથા નજીકના વિસ્તારોમાં સિંચાઈનું પાણી પૂરું પાડતાં ઘી ડેમમાં બે ફૂટથી વધુ નવું પાણી આવી ગયું છે.

આજે સવાર સુધીમાં ખંભાળિયા તાલુકામાં સાડા ૨૭ ઈંચ (૬૮૬ મી.મી.), દ્વારકા તાલુકામાં ૧૩ ઈંચ (૩૨૮ મી.મી.), કલ્યાણપુર તાલુકામાં ૧૩ ઈંચ (૩૨૨ મી.મી.) અને ભાણવડ તાલુકામાં ૯ ઈંચ (૨૨૨ મી.મી.) કુલ વરસાદ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મુશળધાર વરસાદથી ખેતરો તરબતર બન્યા છે. ખેતરોમાં વાવેતર માટે ફાયદારૂપ એવા આ વરસાદથી ધરતીપુત્રો ખુશાલ થયા છે.

# કોડીનારમાં ૪.૫ ઈંચ વરસાદ : શિંગોડા ડેમમાં ૩ ફૂટ નવા નીરની આવક



(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૨

કોડીનાર પંથક માં મેઘરાજા એ હેત વરસાવવાનું ચાલુ કરતા ૨૪ કલાક દરમિયાન ૪.૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કોડીનારમાં ગઈકાલે વહેલી સવાર થી જ વાદળછાયા વાતાવરણ માં મેઘરાજા એ સતત ધીમીધારે અમી દ્રષ્ટિ વરસાવતા સાંજે ૬ વાગ્યા સુધીમાં ૪.૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, ગત સાંજ સુધીના વરસાદ સાથે મોસમ નો કુલ વરસાદ ૨૪ ઈંચ (૨૭૩ મી.મી.) વરસાદ નોંધાયો છે. જ્યારે તાલુકા ના ગ્રામ્ય વિસ્તારો દેવળી, દામલી, વડોદરા, કડોદરા બાવના પીપળવા, માલશ્રમ, પેઢાવાડાં, અરણેજ, મિતિયાજ રાજપરા, રોણાજ, પણાંદર સહિત તાલુકા ભરમાં ધોધમાર વરસાદ પડતાં ખેતરો પાણીથી તરબોળ થયા હતા. જ્યારે બાવાના પીપળવા ગામે નવી આકાર લઈ રહેલી આંગણવાડી કેન્દ્રની બિલ્ડીંગ ફરતે પાણી ભરાયા ના દ્રશ્યો સામે આવ્યા હતા કોડીનાર તાલુકાના જીવાદોરી સમાન શિંગોડા ડેમ માં ઉપર વાસ માં બે ઈંચ વરસાદ ના કારણે ત્રણ ફૂટ નવા પાણી આવક થઈ.

# ખંભાળિયામાં મુશળધાર વરસાદને અનુલક્ષીને પાલિકા તંત્ર દ્વારા સઘન પગલા લેવાયા





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયા તાલુકામાં બે દિવસના સમયગાળા દરમિયાન વસી ગયેલા ૧૫ ઈંચ સુધીના વરસાદથી શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં થોડો સમય પાણી ભરાયા હતા. આટલું જ નહીં, ધોધમાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ભારે પૂર જેવા પાણી વહેવા લાગતા શહેરમાં કોઈ ખાના ખરાબી ન સર્જાય તે માટે નગરપાલિકા તંત્ર સતત દોડતું રહ્યું હતું.

ખંભાળિયામાં રવિવાર તથા સોમવારે વરસેલા ભારે વરસાદના કારણે અહીંના નીચાણવાળા વિસ્તાર ગણાતા ગોવિંદ તળાવ ખાતે નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતકુમાર વ્યાસ તથા પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણીના સીધા માર્ગદર્શન હેઠળ સેનિટેશન વિભાગની ટીમએ જરૂરી સાધનો સાથે દોડી જઈ અને પાણીના માર્ગને ખુલ્લો કરાવ્યો હતો. આ સાથે અહીંની મહાપ્રભુજી બેઠક અને યોગેશ્વર નગર વિસ્તારમાં આવેલા પૂલ કે જે ધરમપુર વિસ્તારમાંથી નીકળતા પાણીની વચ્ચે આવેલા છે, અહીં દર વર્ષે પૂર જેવી પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે આ પુલ હેઠળથી વરસાદી પાણીના નિકાલમાં કોઈ વિક્ષેપ ન સર્જાય તે હેતુથી અહીં જેસીબી જેવા સાધનોની મદદથી ઝાડી, ઝાંખરા તેમજ કિચડ વિગેરે દૂર કરવાની કામગીરી કરાઈ હતી. આ ઉપરાંત શહેરમાં વરસાદના કારણે કોઈ રોગચાળો ન ફેલાય તે માટે નગરપાલિકાની ટીમ દ્વારા સફાઈ ઝુંબેશ પર વધુ ભાર આપવામાં આવી રહ્યો છે. રવિવારે અહીંની જી.વી.જે. હાઈસ્કૂલ પાસે માર્ગ આડે ધરાશાયી થયેલા એક વૃક્ષને નગરપાલિકા અને ફાયરની ટીમ દ્વારા કટરની મદદથી કાપી, અને માર્ગ ચોખ્ખો કરાયો હતો. આ ઉપરાંત અહીં બસ સ્ટેશન સામે આવેલા તાલુકા સેવા સદનમાં વરસાદી પાણીના નિકાલ માટે જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાની સૂચના મુજબ ચીફ ઓફિસર ભરત વ્યાસ અને સેનિટેશનના કર્મચારીઓએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. મુશળધાર વરસાદના પગલે નગરપાલિકા તંત્ર પણ અવિરત રીતે કાર્યરત રહ્યું છે.

# ઈટાલી, સ્વિત્ઝર્લેન્ડ, મેક્સિકો વિશ્વના ઘણા ભાગોમાં પૂર-વરસાદની તબાહી

નવી દિલ્હી, તા.૨

આ દિવસોમાં, વિશ્વના ઘણા ભાગોમાં પૂર અને વરસાદના કારણે વિનાશ છે. ઈટાલીથી સ્વિટ્ઝર્લેન્ડ અને મેક્સિકોથી બાર્બાડોસ સુધી હવામાને પાયમાલી કરી છે. આ દરમિયાન અહીં ભૂસ્ખલનની અનેક ઘટનાઓ પણ સામે આવી છે. આવી સ્થિતિમાં, અમે તમને જણાવીએ કે આ સમયે કયા દેશોમાં વરસાદને કારણે સમસ્યા ઊભી થઈ રહી છે. ઈટાલીના નોઆસ્કા શહેરમાં પણ વરસાદે તબાહી મચાવી છે. અહીં નદીઓમાં પાણી એટલું વધી ગયું છે કે પૂરની સ્થિતિ સર્જાઈ છે. આવી ઘણી તસવીરો પણ કેમેરામાં કેદ થઈ છે, જેમાં અવિરત વરસાદ બાદ નદીઓ વહેતી જોવા મળે છે.પશ્ચિમી દેશ સ્વિટ્ઝરલેન્ડમાં પણ વરસાદના કારણે સ્થિતિ ભયંકર છે. અહીં ભીષણ પૂરના કારણે અનેક રસ્તાઓ અને ટ્રેનના પાટા પાણીમાં ડૂબી ગયા છે. તાજેતરમાં, ૩૦ જૂને, સ્વિટ્ઝર્લેન્ડના વેલાઈસ પ્રદેશમાં પીગળતા ગ્લેશિયર્સ અને તીવ્ર વાવાઝોડાને કારણે રસ્તાઓ અને રેલ્વે લાઈનો ડૂબી ગઈ હતી. ત્યાં હાજર લોકોના વીડિયોમાં સિએરેના એક વેરહાઉસની આસપાસ પૂરનું પાણી જોવા મળ્યું હતું.અમેરિકાના પાડોશી દેશ મેક્સિકોમાં પણ પૂર અને વરસાદના કારણે સ્થિતિ ખરાબ છે. અહીં અલ્બુકર્ક શહેરમાં ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. ડાઉનટાઉન વિસ્તારમાં કેટલાક આંતરછેદો ડૂબી ગયા હતા, કાર ફસાઈ હતી, જેને પાછળથી સલામત સ્થળે ખસેડવામાં આવી હતી. લોકોના જણાવ્યા અનુસાર, તેઓએ ડાઉનટાઉન અલ્બુકર્ક તરફ જતા અંડરપાસમાં એક બસ અને એસયુવીને ફસાયેલી જોઈ. અલ્બુકર્ક ફાયર અધિકારીઓએ જણાવ્યું હતું કે તોફાન શરૂ થયા પછી તેમને લગભગ ૧૦૦ કોલ મળ્યા હતા.

# ભાણવડના વેરાડ ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયોઃ સપ્લાયરની શોધખોળ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ભાણવડ તાબેના વેરાડ ગામે સ્થાનિક પોલીસના પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ઝાલા તથા જીતુભાઈ જામને મળેલી ચોક્કસ બાતમીના આધારે અહીં રહેતા હિતેન્દ્રસિંહ ઉર્ફે લાલભા ગુમાનસિંહ સોઢા નામના ૩૧ વર્ષના શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ સ્થળેથી વિદેશી દારૂની રૂપિયા ૮૬,૪૦૦ ની કિંમતની જુદી જુદી બ્રાન્ડની ૨૧૬ બોટલ મળી આવી હતી. આથી પોલીસે મોબાઈલ સહિત કુલ રૂપિયા ૮૯,૪૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી હિતેન્દ્રસિંહ ઉર્ફે લાલભા સોઢાની અટકાયત કરી હતી. દારૂનો આ જથ્થો તેણે જામજોધપુર તાલુકાના સોનવડીયા ગામે રહેતા રાજુ પોલા કોડીયાતર નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું કબુલતા આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# દ્વારકાનાં પૌરાણિક શ્રી ચક્ર નારાયણ મંદીરે પુષ્પ શ્રૃંગાર કરાયો



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧

યાત્રાધામ દ્વારકાનાં પૌરાણિક શ્રી ચક્ર નારાયણ મંદીરે પુષ્પ શ્રૃંગાર કરવામાં આવ્યા હતા. શ્રી ચક્ર નારાયણ ભગવાનને તિરુપતિ બાલાજી ભગવાનની વેશભૂષાથી સુશોભિત કરવામાં આવ્યા.

મોટી સંખ્યામાં ભકતોએ આ વિશેષ અને દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ આયોજન માં શ્રી ચક્ર નારાયણ મંદિર નાં પૂજારી રોહિતભાઈ અને તેમનાં મિત્રો દ્વારા વિશેષ પુષ્પ શ્રૃંગાર દર્શન માટે જહેમત ઉઠાવેલ.

# ખંભાળિયાઃ નવા કાયદા અંગે નગરજનોની જાગૃતિ અર્થે પોલીસ તંત્ર દ્વારા સેમિનાર યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

કેન્દ્ર સરકાર દ્વારા અંગ્રેજોના સમયના જુના કાયદાઓ, ઈન્ડિયન પીનલ કોડને રદ કરીને અમલમાં તા. ૧ જુલાઈથી અમલમાં મૂકવામાં આવેલા નવા કાયદા અંગે જનજાગૃતિ સંદર્ભે ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિના વડપણ હેઠળ સોમવારે ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલા આ જાગૃતિ સેમિનારમાં મોટી સંખ્યામાં નગરજનો, આગેવાનો ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડીવાયએસપીએ ડો. પ્રજાપતિ તેમજ પી.આઈ. બી.જે. સરવૈયા દ્વારા લોકોને નવા કાયદા અંગેની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ આયોજનની સફળતા માટે પી.આઈ. સરવૈયા તથા સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ICICI લોમ્બાર્ડે વીમાક્ષેત્રની પ્રથમ ક્રાંતિકારી આરોગ્ય વીમા પ્રોડક્ટ 'એલિવેટ' રજૂ કરી

મુંબઈ તા.૨

ભારતની અગ્રણી પ્રાઈવેટ ઈન્સ્યોરન્સ કંપની ICICI લોમ્બાર્ડે ગર્વભેર તેની ક્રાંતિકારી હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ 'એલિવેટ'ના પ્રારંભની જાહેરાત કરી છે. AIથી સંચાલિત પોતાની રીતે આગવી હેલ્થ પ્રોડક્ટ અત્યાધૂનિક વિશેષતાઓ અને એડ-ઓન્સથી સુસજ્જ છે, જે ગ્રાહકોને તેમની વિવિધતાપૂર્ણ જીવનશૈલી, મેડિકલ ઈમર્જન્સી અને તબીબી ક્ષેત્રમાં સારવારના વધી રહેલા ખર્ચને પહોંચી વળવા માટે સક્ષમ બનાવે છે. આ મહત્ત્વપૂર્ણ લોન્ચ ICICI લોમ્બાર્ડની તેના ગ્રાહકોને વીમા ઉદ્યોગના અદ્રિતીય મૂલ્યો પૂરા પાડવા પ્રત્યે ICICI લોમ્બાર્ડની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

સતત ઉભરી રહેલી નવીન વ્યવસ્થાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, વ્યક્તિગત રીતે તૈયાર કરવામાં આવેલો ગ્રાહક કેન્દ્રી પ્લાન એલિવેટ કોમ્પ્રેહેન્સિવ કવરેજ અને ફ્લેક્સિબિલિટી પૂરી પાડે છે. એલિવેટની મહત્ત્વપૂર્ણ વિશેષતાઓ નીચે મુજબ છેઃ

અમર્યાદિત વીમાકૃત રકમઃ મર્યાદિત કવરેજ અને વીમાકૃત રકમ સંબંધિત ચિંતા ઉકેલ લાવતાં પ્લાનની આ વિશેષતા સુનિશ્ચિત કરે છે કે પોલિસીધારકોને કવરેજ સંબંધિત ચિંતાનો ક્યારેય સામનો કરવો ન પડે.

અમર્યાદિત દાવા રકમઃ આ એડ-ઓન વીમાકૃત રકમની મર્યાદાને ધ્યાનમાં લીધા વગર પોલિસીના સમગ્ર જીવનકાળ દરમિયાન વન-ટાઈમ કલેઈમ માટે અમર્યાદિત દાવા રકમ સાથે સર્વાંગી નાણાકીય સુરક્ષા ઉપલબ્ધ કરાવે છે.

પાવર બૂસ્ટર એડ-ઓનઃ આ એડ-ઓન અમર્યાદિત સમય માટે દાવાઓને ધ્યાનમાં રાખ્યાં વગર વાર્ષિક ૧૦૦% એકંદર બોનસ પૂરું પાડે છે.

રિસેટ બેનિફિટઃ પ્લાનની આ ખાસિયત તમારા કવરેજ અમર્યાદિત રીતે રિસેટ કરવાની સુવિધા આપીને કરવામાં આવેલા કલેઈમને ધ્યાનમાં રાખ્યાં વગર અવિરત સુરક્ષાની ખાતરી પૂરી પાડે છે.

અમર્યાદિત ખાતરીઃ આ એડ-ઓન અસ્થમા, ડાયબિટીસ, હાઈપરટેન્શન, હાઈપર લિપિડેમિયા અને સ્થૂળતા જેવી પહેલેથી અસ્તિત્વ ધરાવતી બીમારી ધરાવતાં દર્દીઓને ૩ વર્ષના પ્રતીક્ષા સમયગાળાના વીમાક્ષેત્રના માપદંડની સામે પોલિસીની શરૂઆતથી ૩૦માં દિવસ પછી લાભની શરૂઆતની ખાતરી પૂરી પાડે છે.

AIની શકિતનો ઈષ્ટતમ લાભ ઉઠાવીને 'એલિવેટ' ઈષ્ટતમ કવરેજ ભલામણો પૂરી પાડવા માટે ગ્રાહકોના ઈનપુટ્સનું અર્થઘટન કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે દરેક પોલિસી વ્યક્તિઓની જરૂરિયાતો મુજબ વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવે. આરોગ્ય વીમા ક્ષેત્રનો આ પ્રકારનો આગવો અભિગમ વ્યક્તિગત આરોગ્ય અને નાણાકીય ચિંતાઓને નજર સમક્ષ રાખીને એક વિસ્તૃત સંરક્ષણ પૂરું પાડે છે, જે તેને ગ્રાહકોની જરૂરિયાતો માટે વધુ અનુકૂલનશીલ અને પ્રતિભાવશીલ બનાવે છે.

પોતાના ધ્યેયવાક્ય 'પાવર ઓફ ઈન્ફિનિટ પર્સનાલાઈઝેશન'ને સાર્થક કરતાં, 'એલિવેટ' ૧૫ ઈન-બિલ્ટ કવર્સ અને મલ્ટિપલ પર્સનાલાઈઝેશન વિકલ્પો ધરાવે છે, જેમાં ૨૦ ક્રિટિકલ ઈલનેસ, પર્સનલ એક્સિડન્ટ, મેટરનિટી, ન્યૂ-બોર્ન કવર, રહેવા અને પ્રવાસના લાભો, નિવારાત્મક સંભાળ, ઈન્ફ્લેશન પ્રોટેક્શન, એર એમ્બ્યુલન્સ અને પર્સનાલાઈઝ્ડ હોમ કેર સહિત બીજા અનેક લાભોનો સમાવેશ થાય છે. ICICI લોમ્બાર્ડના રિટેલ અને ગવર્મેન્ટ પ્રભાગના વડા શ્રી આનંદ સિંઘીએ જણાવ્યું હતું કે,"'એલિવેટ' નવીન સંશોધન અને ગ્રાહકોને લક્ષમાં રાખવાનો અમારો મજબૂત નિર્ધાર પ્રદર્શિત કરે છે. વીમાક્ષેત્રમાં નવો ચિલો શરૂ કરીને AI-એન્જિનથી સંચાલિત 'એલિવેટ' સમગ્ર વીમા ક્ષેત્રને નવું સ્વરૂપ આપીને ગ્રાહકોની વિશેષ જરૂરિયાતોને અનુરૂપ એક અત્યંત વ્યક્તિગત અનુભવ પૂરો પાડવાની ખાતરી પૂરી પાડશે. 'ઈન્ફિનિટ કેર' અને 'પાવર બૂસ્ટર' જેવા એડ-ઓન સાથે, અમે આરોગ્ય વીમા ક્ષેત્રમાં નવા માપદંડો પ્રસ્થાપિત કરીને સતત વૈવિધ્યપૂર્ણ બની રહેલા વિશ્વમાં ગ્રાહકોને અદ્રિતીય મનની શાંતિ પૂરી પાડવાનો પ્રયાસ કર્યો છે."

ICICI લોમ્બાર્ડ ખાસ કરીને અત્યાધૂનિક ટેક્નોલોજી દ્વારા વ્યક્તિગત વીમા ઉકેલો પૂરા પાડીને, તેની કામગીરીના દરેક પાસાંઓમાં નવીન આવિષ્કારનો ઉમેરો કરીને તેની સેવાઓ ગ્રાહક-કેન્દ્રી બનાવવા માટે કટિબદ્ધ છે.

# માંગરોળની નોળી નદીમાં બે કાંઠે પુર વહેતું થયું ધારાસભ્ય ભગવાનજી કરગઠીયાએ નવા નીરને



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨

માંગરોળ કામનાથ મહાદેવના સાનિધ્યમાં નોળી નદીમાં બે કાંઠે પુર વહેતું થયું હતું.

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે નોળી નદીમાં રાત્રિના ૮:૩૦ કલાકે લંબોરા ડેમ ઓવરફ્લો થયો હતો. કામનાથ મહાદેવના મંદિર પાસે રાત્રિના પુર આવી જતા આ માંગરોળની જીવાદોરી સમાન નદી બે કાંઠે વહેતી થઈ હતી. સાથે માંગરોળ આસપાસના તમામ જળાશયોમાં નવા નીરની આવક થઈ છે.

બે કાંઠે વહેતી નદીમા આ પૂરના પાણીનો ઘટાડો જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ આ પૂરનો નજારો જોવા લોકો ઉમટી પડ્યા હતા. સાથે માંગરોળ પોલીસે પણ કામનાથ નદીની મુલાકાત લઈ લોકોને સાવચેતી રાખવા સૂચના આપી હતી. ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાએ નવા નીર ને પરંપરાગત રીતે વધાવ્યા હતા.

# જૂનાગઢ શહેરમાં ૨૨૯થી વધુ વીજફોલ્ટ સર્જાયા બે વૃક્ષ ધરાશાયી થતા ૪ ફીડર બંધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરમાં ભારે વરસાદના પગલે રાયજીબાગ પાસે વૃક્ષ ધરાશાયી થતા બે વીજ વાયરો તુટયા હતા. જેના પગલે બે કલાકની જહેમત બાદ વીજ પુરવઠો પુર્વવત થયો હતો. તો બીજી તરફ કડીયાવાડ પાસે ઘટાદાર પીપળો ધરાશાયી થતા વીજ વાયરો તુટી જતા વીજ કાપ રહેવા પામ્યો હતો. તેમજ મીરાનગરમાં કેબલમાં ફાયર થતા મોટી જાનહાની થતી અટકી હતી. આમ દિવ્સ દરમ્યાન જૂનાગઢ સીટીના ચાર પેટા વિભાગીય કચેરીમાં કુલ ૨૨૯ વીજ ફોલ્ટની ફરિયાદ આવી હતી. જે પૈકી પીજીવીસીએલની ટીમ દ્વારા ૨૦૦ જેટલી ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો છે. તેમજ શહેરમાં ચાર જેટલા ફિડર બંધ પડતા અન્ય ફિડરમાંથી વીજ પુરવઠો પહોંચાડી સરેરાશ બે કલાક જેટલો જ વીજ કાપ રહ્યો હતો. આમ ભારે વરસાદ વચ્ચે જૂનાગઢ પીજીવીસીએલ દ્વારા સરાહનીય કામગીરી કરતા જૂનાગઢવાસીઓને વીજળીથી વંચીત ન રહે તેવી ઉમદા કામગીરી કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.

# જૂનાગઢ એસટી ડીવીઝન દ્વારા ગ્રામ્ય વિસ્તારના ૧૭ રૂટ બંધ કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

માણાવદર પંથકમાં ભારે વરસાદથી ઘેડ પંથકના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળતા ગ્રામ્ય પંથક તરફ જતા રસ્તાઓ બંધ થવાથી વાહન વ્યવહારને પણ અસર થઈ છે. રસ્તાઓ ડાયવર્ટ કરવાથી અનેક ગામો સંપર્ક વિહોણા થયા છે. જૂનાગઢ એસટી ડીવીઝન દ્વારા ગ્રામ્ય વિસ્તારના ૧૭ રૂટ ઉપર ૪૭ બસની ટ્રીપ રદ કરવામાં આવી છે. જે પૈકી બાંટવા, માણાવદર, કુતિયાણા, ઉપલેટા, પીપળીયા સહિતના વિસ્તારોના રૂટ તરફ જતી બસોને બંધ કરવામાં આવી છે. એસટી વિભાગીય નિયામકના જણાવ્યા મુજબ જીલ્લામાં રદ કરાયેલ ટ્રીપો પૈકી મોટાભાગની ઘેડ પંથક તરફ જતી બસોને રદ કરવામાં આવી છે. જીલ્લામાં અન્યત્ર સ્થળે વાહન વ્યવહારને કોઈ અસર પહોંચી નથી. વરસાદનું પ્રમાણ ઓછું થશે અને પાણી ઓસર્યા બાદ ફરીથી રદ કરાયેલ રૂટમાં વાહન વ્યવહાર પૂર્વવત કરાશે.

# જૂનાગઢમાં ગિરનાર પર્વત પર જૈન સમાજ દ્વારા નિર્વાણ લાડુ ચડાવવા મુદ્દે સાધુ-સંતો, વીએચપીનો ઉગ્ર વિરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

છેલ્લા ઘણા સમયથી ગિરનાર મુદ્દે જૈન સમાજ અને સનાતન સાધુ-સંતો અને હિન્દુ સંગઠનો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. દર વર્ષે દિગંબર જૈન સમાજ દ્વારા ગિરનારની ટુંક ઉપર નિર્વાણ લાડુ ચડાવવામાં આવે છે. આ અંગે દર વખતે વીવ્દ સર્જાઈ છે. હવે ફરીવાર દિગંબર જૈન સમાજ દ્વારા નિર્વાણ લાડું ચડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મુદ્દે વહિવટી તંત્ર દ્વારા વિવાદ ન સર્જાઈ તે માટે ગિરનાર ગિરનારના સાધુ-સંતો, વિશ્વ હિન્દુ પરિષદ અને દિગંબર જૈન સમાજના લોકોની બેઠક એસપી અને કલેકટરે બોલાવી હતી. આ બેઠકમાં સાધુ-સંતો અને વીએચપીએ સ્પષ્ટ ઈન્કાર કરી નિર્વાણ લાડું ચડાવાની નીતિનો ઉગ્ર વિરોધ કર્યો હતો. આ સમગ્ર મામલે પૂર્વ સાંસદ અને દત્તાત્રેયના મહંત મહેશગીરીએ જણાવ્યું હતું કે, કેન્દ્રના માયનોરીટી કમિશન દ્વારા કલેકટર અને એસપીને નોટિસો મોકલી જબરજસ્તીથી મિટીંગો બોલાવે છે અને આ મિટીંગમાં નિર્વાણ લાડું આ વર્ષે થવો જોઈએ કે નહી આના માટે આ મિટીંગ બોલાવી હતી, મને તો આ મટીંગનો અર્થ જ સમજાતો નથી, માયનોટીરી કમિશન અને સત્તાધિશો કહે તેથી તંત્ર મિટીંગ બોલાવે પણ આ મિટીંગનો અર્થ એટલા માટે ન હોય કે જુના વખતમાં કલેકટર ઓફિસમાંથી પુરાવા સાથે એક ઓર્ડર નીકળેલો છે કે આ નિર્વાણ લાડુ અહીં ચડાવવા દેવામાં આવશે નહી જો આ ઓર્ડર અગાઉ નીકળ્યો હોય તેનું શા માટે પાલન થતું નથી ? આ સમગ્ર મામલે હાઈકોર્ટમાં પણ કેસ ચાલી રહ્યો છે જેથી આ વિષય લાવવાનો કોઈ મતલબ જ રહેતો નથી તેમ છતાં હેરાન કરવા માટે આવું કરવામાં આવી રહ્યું છે. જેથી બધા સંતો, વીએચપી, તીર્થ ગોર સમિતી તથા નાગરિકો મળી નિર્વાણ લાડુંનો ઉગ્ર વિરોધ કરશે અને તે ઉગ્રતા ગમે તે દિશામાં જઈ શકે એટલે નમ્ર અરજ છે કે નિર્વાણ લાડું કાર્યક્રમ જ બંધ રાખવામાં આવે તેમ વધુમાં જણાવ્યું હતું.

# જૂનાગઢમાં યુવાનને દુષ્કર્મમાં ફસાવવાની ધમકી આપી રૂપિયા માંગનાર મહિલાના જામીન રદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક યુવાન સાથે સોશ્યલ મિડિયા ઉપર મિત્રતા કેળવી તેને પોતાને ઘેર બોલાવીને કપડાં કઢાવી બીજા શખ્સોએ આવી જઈ માર મારવાની અને દુષ્કર્મની ફરીયાદ કરવાની ધમકી આપી ૨૫ લાખની માંગણી કરવા અંગે ૫ શખ્સો સામે ગુનો નોંધાયો હતો. આ આરોપીઓમાં પોલીસે હિનાબેન રમેશભાઈ વિરડીયા(ઉ.વ.૪૦)ની પણ ધરપકડ કરી જેલ હવાલે કરી હતી. આરોપીએ પોતાની જામીન અરજીમાં એવી દલીલ કરી હતી કે, ફરિયાદ ત્રણ દિવસ મોડી થઈ છે. તેનું કોઈ કારણ ફરિયાદમાં નથી. તેમાં સીધી કે આડકતરી રીતે પોતાનો કોઈ રોલ જણાતો નથી. પોતે ફરિયાદી પાસેથી કોઈ રકમ લીધી કે સોનાની વિંટી લીધી હોય એવો પોતાની સામે આક્ષેપ નથી. પોતાનું નામ કોઈએ જણાવ્યું નથી. આ ગુનામાં એક આરોપીને કોર્ટે જામીન ઉપર મુક્ત કર્યો છે. આની સામે જિલ્લ સરકારી વકીલ નિરવ પુરોહિતે એવી દલીલ કરી હતી કે, આવા બનાવો દિનપ્રતિદિન વધ્યા છે. જો તેને જામીન ઉપર મુક્ત કરાશે તો નાસી જાય એમ છે. આથી છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ આર. ડી. પાંડેએ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

# પુ. મુકતાનંદબાપુની પ્રેરણાથી રાત્રે જૂનાગઢમાં પ્રવિણભાઈ તેરૈયાને શ્રધ્ધાંજલી અર્પવા ભજન સંધ્યાનો કાર્યક્રમ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ નિવાસી પ્રવિણભાઈ કાંતિલાલ તેરૈયા(ઉ.વ.૭૦) તે સ્વ. કિશોરભાઈ અને પુ. મુક્તાનંદબાપુ ચાપરડાના પુર્વાશ્રમના ભાઈનું તા.૨૨ના રોજ અવસાન થતા પુ. મુક્તાનંદ બાપુની પ્રેરણા અને આર્શિવાદથી તેમની શ્રધ્ધાંજલી નિમીતે આજે રાત્રે ૯ કલાકે ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખેલ છે. જેમાં સુપ્રસિધ્ધ લોકગાયક મયુર દવે પોતાની આગવી શૈલીમાં સંતવાણી રસ પિરસસે તેમજ તા.૩ને બુધવારના રોજ બપોરે ૧૧ કલાકે જૂનાગઢ શહેરમાં વસતા સમસ્ત રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનો ભોજન પ્રસાદ રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભવન શીશીમંગલ સામે ગાંધીગ્રામ જૂનાગઢ ખાતે રાખેલ છે. તો ભજન સંધ્યા અને ભોજન લેવા જ્ઞાતિજનોએ પરિવાર સાથે પધારવા દેવાંગ તથા નિખીલ તેરૈયા અને સમગ્ર તેરૈયા પરિવારએ જણાવ્યું છે.

# રાજકોટ સહિત રાજયનાં ૩૦ મામલતદારોની બદલી

## મહેસુલ વિભાગ દ્વારા બદલીના ઓર્ડરો ઈશ્યુ કરાયા

ગાંધીનગર,તા.૨

રાજ્યમાં જુદા જુદા તાલુકા અને કચેરીઓમાં ફરજ બજાવતા મામલતદારની બદલીઓના આદેશ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે ૩૦ મામલતદારની બદલીઓના આદેશ કર્યા છે.રાજકોટ,ખેડા, દેવભૂમિ દ્વારકા, દાહોદ, મોરબી, રાજકોટ, વડોદરા સહિતના વિવિધ જિલ્લાના મામલતદારોની બદલી કરવામાં આવી છે. અઠવાડિયા પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખેડા મામલતદાર કચેરીની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ બાદ શુક્રવારે જિલ્લા સમાહર્તા અમિત પ્રકાશ યાદવે મહુધા મામલતદાર કચેરીની ઓચિંતી મુલાકાત કરી હતી. જે બાદ રવિવાર રજાનો દિવસ હોવા છતાં ગયા અઠવાડિયે જિલ્લાના ૮૦ નાયબ મામલતદારની આંતરિક બદલી કરવામાં આવી હતી. જેમાં મહેસુલ, પુરવઠા , ઈ - ધરા સહિતના નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે.

ત્યારે લોકસભાની ચૂંટણીમાં જોડાયેલા નાયબ મામલતદારો સિવાયના તમામ નાયબ મામલતદાર કલેકટર દ્વારા તાત્કાલિક બદલીની જગ્યાએ હાજર થવા સૂચન કરવામાં આવ્યું હતું.હવે વધુ ૩૦ મામલતદારોની બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટ કલેકટર કચેરીમાં ચૂંટણી શાખામાં ફરજ બજાવતા મામલતદાર એચ.એલ.ચૌહાણની ચૂંટણી શાખામાંથી બદલી કરી તેઓને ડીઝાલ્ટર શાખામાં મૂકવામાં આવેલ છે. આવી જ રીતે જામનગર, કલેકટર કચેરીના અધ્યક્ષ બી.ટી. લવાણીને તે જામનગરમાં ડિઝાસ્ટર મામલતદાર તરીકે ફરજ બજાવવામાં આવી છે. જૂનાગઢ કલેકટર કચેરીમાં ચૂંટણી શાખામાં ફરજ બજાવતા પાઉભાઈ મુસાભાઈની બદલી કરી તેઓને જૂનાગઢમાં ડીઝાસ્ટર મામલતદાર તરીકે મુકવામાં આવેલ છે. રાજયમાં ૩૦ મામલતદારોની બદલીના મહેસુલી વિભાગ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ છે.

# ગડુ નજીક બાઈક સ્લીપ થતા ચાલકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

માળીયાહાટીના તાલુકાના ગડુ ગામે રામ મંદિર પાસે રહેતા દિનેશભાઈ ચીમનભાઈ લોઢીયા(ઉ.વ.૫૧) શનિવારે જીજે-૧૧-એલએલ-૬૮૪૫ નંબરના મોપેડ ઉપર બેસીને ચોરવાડ ખાતે કામકાજ બાબતે ગયા હતા અને ત્યારે ગડુ હાઈવે કાણેક ગામ પાસેથી પસાર થતાં હતાં ત્યારે અચાનક મોપેડ સ્લીપ થઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી પ્રથમ ચોરવાડ અને બાદમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જોકે ફરજ ઉપરના તબીબે દિનેશભાઈને મૃત જાહેર કરતા પરિવારજનોમાં ગમગીની પ્રસરી ગઈ હતી. આ અકસ્માત અંગે મૃતકના ભાઈ કિરીટભાઈ લોઢિયાનું પોલીસે નિવેદન લઈ આગળની કાર્યવાહી કરી હતી. વધુ તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ.ડી. ડોડીયા ચલાવી રહ્યા છે.

## જૂનાગઢમાંથી વિદેશી દારૂ ઝડપાયો

જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે શહેરના ખલીલપુર રોડ ઉપર રિદ્ધિ વિલ્લા એપાર્ટમેન્ટમાં રહેતો રાહુલ કેશુ ઓડેદરા નામનો યુવાન જીજે - ૧૮ - એ બી - ૮૫૩૯ નંબરની કારમાં નીકળતા પોલીસે કાર રોકીને તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂના ૪૦૮ ચપટા મળી આવતા રાહુલ કેશુની રૂપિયા ૪૨ હજારના દારૂ અને રૂપિયા ૨ લાખની કાર સાથે ધરપકડ કરી છે.

# પ્રેમ સંબંધના મનદુ:ખથી ચાર શખ્સનો બે ભાઈ ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

પ્રેમ સંબંધના મનદુ:ખથી ૪ શખ્સે બગડુ ગામના બે ભાઈ ઉપર હુમલો કરતા ગંભીર ઈજા થઈ હતી. બગડુ ગામના યોગેશ જયેશભાઈ કારોલીયાને અંબાળા ગીર ગામના રમીજ રહીમ કુરેશીની બહેન સાથે ૩ વર્ષ પ્રેમ સંબંધ રહ્યો હતો. જેની યુવતીના ઘરમાં ખબર પડી જતા એનું મનદુ:ખ રાખી રમીજ રહીમ તેમજ બગડુ ગામના યાકુબ હનીફ કુરેશી, જાવિદ દાદુ કુરેશી અને મુસ્તાક ઈકબાલ કુરેશીએ ઉશ્કેરાઈ જઈને યોગેશ તથા તેના ભાઈ મહેશને લાકડાના ધોકા વડે આડેધડ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપીને નાસી ગયા હતા. આ હુમલામાં બંને ભાઈને ઈજા થતા જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે તાલુકા પોલીસે ચાર શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી.

# ચોકી નજીક કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં બેને ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨

કાર ચાલકે બાઈકને હડફેટે લેતા કાથરોટાના બે યુવકને ઈજા અને ૧ને ફ્રેકચર થયું હતું. જૂનાગઢ તાલુકાના કાથરોટા ગામના નિકુંજ લલીતભાઈ રૂપાપરા અને ધર્મેશ નામનો યુવાન બાઈક ઉપર ચોકી ગામના બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટીએસ ૦૮ એફએન ૯૨૨૮ નંબરની કારના ચાલકે બાઈકને અડફેટમાં લેતા નિકુંજને ફ્રેકચર અને ધર્મેશને નાની મોટી ઈજા થઈ હતી. બંને ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તાલુકા પોલીસે અકસ્માતને લઈને તપાસ હાથ ધરી હતી. આમ આ રોડ ઉપર સતત વાહનનો ટ્રાફિક રહેતો હોય છાશવારે અકસ્માતનાં બનાવો બનતા રહે છે. ત્યારે વધુ એક અકસ્માત સર્જાયો હતો.

# અનંત અંબાણીના લગ્નની કંકોત્રી ભગવાન દ્વારકાધીશના ચરણોમાં અર્પણ કરાઈ




(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશભાઈ અંબાણીના પુત્ર અનંત અંબાણીના લગ્નની કંકોતરી જગત મંદિર દ્વારકા ખાતે ભગવાન શ્રી દ્વારકાધીશ મંદિરના પૂજારી નેતાજી દ્વારા દ્વારકાધીશના ચરણોમાં અર્પણ કરી તેમજ જ્યોર્તિલિંગ સોમનાથ ખાતે મહાદેવના ચરણોમાં સમર્પિત કરવામાં આવી હતી. અંબાણી પરીવાર દ્વારા અનંતનાં લગ્નની ધામધૂમપૂર્વક તૈયારીઓ ચાલી રહી છે.









CMYK